Reg. No. B. 876.

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક બોર્ડિંગના હિતાર્થે પ્રકટ થતું,

सर्वं परवशं दुःखं, सर्व मात्म वशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुख दुःखयोः ॥

વર્ષ ૧ લું.

અંક ૮ મો.

# બુદ્ધિપ્રભા.

## ( LIGHT OF REASON. )

नाहं पुद्गल भावानां कर्त्ताकारयिता न च ।
नानु मन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટ કર્ત્તા.

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગઃ

નાગોરીસરાહ–અમદાવાદ

વાર્ષિક લવાજમ–પોસ્ટેજ સાથે રૂ. ૧–૪–૦. સ્થાનિક ૧–૦–૦

અમદાવાદ. શ્રી ' સત્યવિજય ' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ દીવાળી.... ... ... | ૨૨૫ | ૬ શ્રીમહાવીર નિર્વાણ અને દીવાળી પર્વ. ... | ૨૪૬ |
| ૨ ગુરૂબોધ.... ... ... | ૨૨૬ | ૭ અથ શ્રી સોમસોભાગ્ય કાવ્ય ના ગુજરાતી ભાષાંતરના સંબંધમાં કેટલાક વિચાર. ... | ૧૮૯ |
| ૩ પરોપકાર (અદ્ભૂતતત્વ.) | ૨૩૦ | ૮ નવીન વર્ષનું અભિવંદન.... | ૨૫૬ |
| ૪ જૈનોનું તત્વજ્ઞાન અને માનસિક શાસ્ત્ર. ... | ૨૩૩ | | |
| ૫ જૈનો અને વ્યવહારિક કેળવણી... ... | ૨૩૯ | | |



# ગુરૂદર્શન.

## માટે કાંઈ વિચાર થાય છે?

## અદ્રશ્ય ગુરૂ તમને સુવર્ણની સાત કુંચીઓ આપશે. એ કુંચીઓથી સ્વર્ગ અને

## મોક્ષનાં દ્વાર તમારે માટે ખુલ્લાં થશે.

આ 'ગુરૂદર્શન' પુસ્તકમાંનો ઉપદેશ ઉચ્ચજીવન ગાળવાને અત્યંત લાભદાયક થઇ પડશે એ બાબતની ખાત્રી આપી શકાશે.

**વિશેષ ખાત્રી જોઇતી હોય તો માત્ર ૦-૬-૬ ની ટીકીટો નીચેને ઠેકાણે મોકલી તમે પોતેજ પુસ્તક વાંચી જુઓ.**

**☛ "બુદ્ધિપ્રભા" ના ગ્રાહકોને ૦-૪-૬ મળશે.**

**હિંદી ભાષાંતર છપાઇ તૈયાર થયું છે.**

પુસ્તક મળવાનું ઠેકાણું-બુદ્ધિપ્રભા ઓફીસ—**અમદાવાદ.**

---

## ઝવેરી લલ્લુભાઇ રાયચંદ હોમફોર ઇન્કયુરેબલ પૉપર્સ.

**અમદાવાદ.**

જે લોકોના રોગ કોઇપણ રીતે મટી શકે તેમ ન હોય, તેવા અસાધ્ય રોગવાળા ગરીબોને મદદ કરવાને ઉપર જણાવેલી હૉસ્પીટાલ તા. ૧૩ જાને-વારી સને ૧૯૦૯ ના રોજ અમદાવાદના મહેરબાન કલેકટર સાહેબને હાથે ખોલવામાં આવી છે. તેને જે કંઇ મદદ આપવામાં આવશે તે આભાર સાથે સ્વીકારવામાં આવશે.

મદદની રકમ નીચેને શીરનામે મોકલી આપવી.

**"બુદ્ધિપ્રભા" ઓફીસ, નાગોરીશરાહ, અમદાવાદ.**

# બુદ્ધિપ્રભા.

( The Light of Reason. )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यथाच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૧ લું. તા. ૧૫ મી નવેમ્બર સન ૧૯૦૯. અંક ૮ મો.

## દીવાલી.

ભીરાગ.

રૂડુ પર્વ અહો આ દીવાળી રે, બાહ્ય અન્તર નજરે મેં ભાળી રે.
આનંદની જ્યાં રેલંછેલા, જ્યાં ત્યાં દેખું ત્યાં લાગે રૂપાળી રે. રૂડુ૦ ૧.
દુઃખી પણ સુખી થઇ ફરતા, બાહ્ય શોભા બની જ્યાં રૂપાળી રે; રૂડુ.
બાહ્ય સમૃદ્ધિવાળા માનવ, ખરેખરા બન્યા જંજાળીરે. રૂડુ૦ ૨.
સાધુસન્તો ધ્યાન ધરે છે, મોહમાયાનાં બીજ બાળી રે; રૂડુ
મંત્રવાદિયો મંત્ર જ સાધે, કાળીચૌદશ રાત્રીએ મ્હાલી રે. રૂડુ૦ ૩.
વીરપ્રભુ નિર્વાણ સધાવ્યા, ત્યારે પ્રગટી દીપકની આલિરે; રૂડુ.
એક બીજાનું દેવું ચૂકવી, થાય દેવાથકી જન ખાલી રે. રૂડુ૦ ૪.
કર્મનૃપનું દેવું ચૂકવી, થાય સન્ત પુરૂષ સુખશાલી રે. રૂડુ.
વર્ષારંભે કરે જુહારો, સુખશાંતિમાં દીવસ ગાળી રે. રૂડુ૦ ૫.

સન્તજનોને નિત્ય દીવાલી, બાહ્ય ઠાઠ સજે નહિ ઠાલી રે; રૂડુ.
દ્રવ્ય દીવાલી ભાવ દીવાલી, જેવી વૃત્તિ તેને તેહ વ્હાલીરે. રૂડુ૦ ૬.
નિરૂપાધિમય શુદ્ધ સમાધિ, એવી આનંદમય મેં નિહાળીરે; રૂડુ.
બુદ્ધિસાગર મંગલમાલા, લટકાલી સદા અજવાળી રે. રૂડુ૦ ૭.

॥ ૐ શાન્તિઃ ૩ ॥

# ગુરુબોધ.

## વિવેક રત્ન.

( લેખક મુનિશ્રી બુદ્ધિસાગરજી )

**વિવેકો દશમો નિધિઃ**—વિવેક દશમો નિધિ સત્પુરૂષોએ કહ્યો છે. જગત્માં હેય શું છે, ઉપાદેય શું છે જ્ઞેય શું છે, તેનું યથાર્થ જ્ઞાન થયા વિના વિવેક પ્રગટ્યો એમ કહેવું તે હાસ્યજનક છે. વિવેકી મનુષ્ય સત્યાસત્યનો વિચાર કરી શકે છે. યોગ્ય અને અયોગ્ય કૃત્ય સમજી શકે છે. દેવ ગુરૂ ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજી શકે છે. મનુષ્યના હૃદયમાં વિવેકરૂપ સૂર્યનો ઉદ્ભવ થતાં અજ્ઞાનરૂપ અંધકાર રહેતું નથી. વિવેકી મનુષ્ય અમૃતને અમૃત ગણે છે અને ઝેરને ઝેર ગણે છે. અવિવેકી તેથી ઉલટું ગણે છે. વિવેકી અને અવિવેકીની દૃષ્ટિમાં મહાન્ ભેદ છે. વિવેકી ધર્મ તરફ પ્રીતિ ધારણ કરે છે ત્યારે અવિવેકી અધર્મ તરફ પ્રીતિ ધારણ કરે છે. વિવેકી ગુણ દોષનો વિચાર કરી શકે છે અને સદ્ગુણ તરફ પ્રવૃત્તિ કરે છે, ત્યારે અવિવેકી ગુણ દોષનો વિચાર કરી શકતો નથી. ઉત્તમ પુરૂષ અને અધમ પુરૂષનાં લક્ષણ ભિન્ન ભિન્ન જાણવાનું વિવેકદૃષ્ટિથી બને છે. વિવેકી પુરૂષ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવને યોગ્ય જાણી યોગ્ય આચરણ કરે છે ત્યારે અજ્ઞાનિથી તેમ બની શકતું નથી, વિવેકી મનુષ્ય આત્માભિમુખ પ્રવૃત્તિ કરે છે. વિવેકી વિચારે છે કે અહો જગત્માં સત્યતત્ત્વ તે જ સત્ય છે, અસત્ય કદી સત્ય થતું નથી, વિવેકી જે જે કાર્ય કરે છે તેમાં શુભાશુભનો વિચાર કરીને પ્રવૃત્તિ કરે છે. હંસ જેમ દૂધ અને પાણી ભેગાં હોય છે તોપણ પોતાની ચંચુથી જલને દૂધ ભિન્ન ભિન્ન કરે છે તેમ વિવેકી પણ કૃત્ય અને અકૃત્યને ભિન્ન ભિન્ન કરે છે. ઉપાધિ ભેદથી વિવેકના બે ભેદ પડે છે. **સાંસારિક વિવેક**' **ધાર્મિકવિવેક** સાંસારિક વિવેકની પણ સંસારમાં જરૂર પડે છે. સંસારમાં અનેક બાબતોનો વિવેક સાચવવો પડે છે. **ધાર્મિક વિવેક**

પ્રગટયા વિના ખરેખરી શાંતિ મળતી નથી, કયો ધર્મ ખરો છે અને તે કર્મ અપેક્ષાએ તેનો પૂર્ણ ખ્યાલ, વિવેક દૃષ્ટિ વિના થતો નથી, ચિલાતી પુત્ર સદ્‌ગુરૂના ઉપદેશથી ઉપશમ, સંવર, અને વિવેક એ ત્રણ રત્ન પામી પરમાત્મ પદને પામ્યા. આ દૃષ્ટાંતથી પણ સમજવાનું કે જ્યારે વિવેકની પ્રાપ્તિ થાય છે ત્યારે પરમાત્મ દશા પ્રગટે છે, શ્રી પ્રસન્ન ચંદ્ર રાજર્ષિને જ્યારે વિવેક પ્રગટયો ત્યારે દુર્ધ્યાન પરિહરી શુક્લ ધ્યાન ધ્યાવી મુક્તિ વર્યા. દૃઢ પ્રહારિ કે જે ચાર હત્યાનો કરનાર હતો તે પણ વિવેક પામી મોહદશાનો ત્યાગ કરી મુક્તિપદ પામ્યો. અરણિક મુનિને જ્યારે વિવેક આવ્યો ત્યારે માતાનું કહ્યું વચન માન્ય કર્યું, અને અનશન અંગીકાર કર્યું, આવા અનેક દૃષ્ટાન્તો શાસ્ત્રો વાંચતાં નજરે પડે છે. બાહુબળીજ્યારે વિવેક પામ્યા ત્યારે લઘુતા અંગીકાર કરી ચાલતાં જ કેવલજ્ઞાન પ્રગટયું. મનુષ્યના હૃદયમાં વિવેક પ્રગટતાં તુર્તજ પાપકાર્યથી પાછો હઠે છે તે ઉપર એક **વિવેક ચન્દ્રનું દૃષ્ટાંત** જણાવે છે.

વિદ્યાપુરી નગરીમાં વિવેકચંદ્ર, વિનયચંદ્ર શેઠ વસતા હતા. શેઠ સ્વભાવે નમ્ર અને ધનાઢ્ય હતા, નગરમાં તેમની કીર્તિ સારી હતી. શ્રેષ્ઠિ વર્ગમાં તેમનું નામ પ્રથમ ગણાતું હતું. **વિનય ચંદ્રને દયા** સ્ત્રી હતી. દયા પણ પોતાના પતિની આજ્ઞા પ્રમાણે ચાલતી હતી. કોઇ જીવને દુઃખી દેખી તેણીનું મન દુઃખાતું. સર્વ જીવની રક્ષા કરતી કોઇ જીવની હિંસા કરતી નહોતી આ પ્રમાણે સ્ત્રી પુરૂષને સાંસારિક સુખ ભોગવતાં એક પુત્ર થયો અને તેનું નામ **વિવેકચંદ્ર** પાડયું, વિવેકચંદ્ર પ્રતિદિન મોટો થવા લાગ્યો, બાલ્યાવસ્થામાં અનેક પ્રકારની રમત ગમતની ક્રીડાઓ બાળકો સાથે કરવા લાગ્યો. વિવેકચંદ્ર ઉમર લાયક થવા લાગ્યો કે એટલામાં તેના માબાપ મરી ગયાં તેથી વિવેકચંદ્ર નિરાધાર થયો. બહુ દુઃખી થયો. કહ્યું છે કે—

**ગાથા.**

**बालस्स माइ मरणं, भज्जा मरणं च जुव्वणारंभे ॥**
**थेरस्स पुत्त मरणं, तिन्निवि गरुआइं दुरकाइं ॥ १ ॥**

**ભાવાર્થ**—બાલ્યાવસ્થામાં માતાનું મરણ થવું, યુવાવસ્થામાં ભાર્યાનું મરણ થવું, વૃદ્ધસમયમાં પુત્રનું મરણ થવું. આ ત્રણ પણ મોટાં દુઃખ છે. વિવેકચંદ્રને પણ આ ત્રણમાંનું એક મોટું દુઃખ પ્રાપ્ત થયું, પણ બનવાનું હોય છે તે બને છે કહ્યું છે કે, ઉદ્યમ કરોરે હજાર બનવાનું તે બને છે.

આ કહેવત પ્રમાણે બનવાનું મિથ્યા થતું નથી, વિવેકચંદ્રના પિતાએ ગુમાસ્તાને પ્રમાણીક જાણી પુત્ર મોટો થાય ત્યાં સુધી

**ગુમાસ્તાની સાહાય્ય.**

ની સર્વ વ્યવસ્થા તેના હાથમાં સોંપી હતી. ગુમાસ્તાએ વિવેકચંદ્રને સારી રીતે ભણાવ્યો, વિવેકચંદ્રને નઠારા મિત્રોની સોબત થઇ તેથી વિવેકચંદ્રમાં દુર્ગુણોની અસર થઇ. શાસ્ત્રોમાં કહ્યું છે કે, સારી અને નઠારી સંગતિ પામી મન સારૂં અને નઠારૂં બને છે. જેવા સંસ્કારોના કારણો મેળવાય છે તેવા સંસ્કારો હૃદયમાં

**નઠારા મિત્રોની સોબત.**

પ્રગટે છે, યુવાવસ્થામાં કુમિત્રોની સંગતિથી વિવેકચંદ્ર, ધનનો ધુમાડો કરવા લાગ્યો. પરસ્ત્રી સંગી થયો. કંદોઇના ઘરની મીઠાઇ ખાધા વિના તો તેને સંતોષ થતો ન્હોતો, વિવેકચંદ્રને પ્રતિદિન ખરાબ ટેવો પડવા લાગી અને તે ગુમાસ્તાની પણ દરકાર કરતો ન્હોતો. ગુમાસ્તાએ વિવેકચંદ્રની ખરાબ ટેવો જાણી એક દીવસ ગુમાસ્તાએ વિવેકચંદ્રને નઠારી ટેવો માટે ઠપકો આપ્યો. ગુમાસ્તાની શિખામણથી વિવેકચંદ્રના મનમાં ઓછું આવ્યું. અને તેનું મન વશમાં રહ્યું નહિ, ઉદ્ધતાઇથી વિવેકચંદ્ર કહેવા લાગ્યો કે, હે ગુમાસ્તા તું તો મારો નોકર છે, હું હારો શેઠ છું. મ્હારા કહેવા પ્રમાણે તારે વર્તવું પડશે, તું એવો કેવો મોટો થઇ ગયો કે મને શિખામણ આપવા તૈયાર થયો છું. મ્હારા ધનનો તું જે ઉપયોગ કરે છે તે હું જાણું છું, ન્હારૂં પોગળ ફોડી નાંખીશ. વિવેકચંદ્રનું એકદમ વિવેકશૂન્ય ભાષણ સાંભળી ગુમાસ્તો સ્તબ્ધ થઇ ગયો, ગુમાસ્તાએ વિચાર કર્યો કે આ શેઠ પુત્ર હજી નાદાન છે, હું શા માટે કહું છું તેનો નિર્ણય કરવા માટે તેનામાં વિવેકની જરૂર છે, ભલે તે ગમે તેમ બોલે. હાલ મૌન રહેવું યોગ્ય છે. ઉચિત અવસર

**ઉચિત અવસર જાણનાર વિજયી નીવડે છે.**

જાણીને કાર્ય કરવું, અવસર જાણીને બોલવાથી ફાયદો થાય છે, જે અવસરના જાણ નથી તે ખરે ખર મૂર્ખ છે. અવસર વિના બોલેલું વચન નિર્થક થાય છે ગુમાસ્તાએ વિચાર કર્યો કે હાલ તેની હાએ હાજીહા ભણીને કામ લેવું શેઠના પુત્રની ઇચ્છા પ્રમાણે ગુમાસ્તો પણ વર્તવા લાગ્યો. તેથી વિવેકચંદ્ર ખુશ થયો, અને ગુમાસ્તાની સાથે વિવેકચંદ્રનું મન મળી ગયું, એક દિવસે વિવેકચંદે ગુમાસ્તાને કહ્યું કે તમે મીઠાઇ લેઇ આવો, ગુમાસ્તાએ કહ્યું કે ચાલો આપણે બે ત્યાં તપાસ કરી મીઠાઇ

**કંદોઇની દુકાને અને**

લઇએ. શેઠપુત્ર અને ગુમાસ્તો બન્ને કંદોઇની દુકાને

**વેશ્યાને ઘેર બન્નેનું સાથે ગમન.**

આવ્યા. કંદોઇ તે વખતે મીઠાઇ બનાવતો હતો. વૃદ્ધાવસ્થાથી નાકમાંથી લીંટનો સૂક્ષ્મ પ્રવાહ મીઠાઇ બનાવતો હતો તેમાં ઝરતો હતો. માખીઓનો બણબણાટ તો પુષ્કળ હતો, વચ્ચે વચ્ચે કંદોઇ પાણી પીતો હતો તેથી પાણીના છાંટા મીઠાઇમાં પડતા હતા. મેલા ગંદા હાથે કેટલાક લોકો લાડવા વાળતા હતા. તેથી વિવેકચંદના મનમાં વિચાર થયો કે અરે આ તો અપવિત્ર મીઠાઇ થાય છે. આ મીઠાઇ કરતાં ઘેર મીઠાઇ બનાવીને ખાવી તે ઠીક. છીટ, હું તો કંદોઇના ઘરની મીઠાઇ ખાઇશ નહિ, ગુમાસ્તાને પુછતાં ગુમાસ્તાએ પણ કહ્યું કે શ્રેષ્ઠિપુત્ર આપનો વિચાર વિવેકથી પૂર્ણ છે ગુમાસ્તો મનમાં હસ્યો. હાશ!! ઠીક કાર્ય થયું. રાત્રીના સમયમાં વિવેકચંદના મનમાં વેશ્યાના ઘેર જવાનો વિચાર થયો, ગુમાસ્તાની સલાહ લીધી. ગુમાસ્તો પણ મનમાં વિચાર કરી બોલ્યો કે, વિવેકચંદજી વેશ્યાના ઘેર રાત્રીના પાછલા પ્રહરમાં જવું યોગ્ય લેખું છું. કારણ કે હાલ અન્યકામિ પુરૂષો આવ્યા હશે તેથી જેવી જોઇએ તેવી શાંતિ મઝાહ મળશે નહિ. ગુમાસ્તાના વિચાર પ્રમાણે વિવેકચંદ પાછલા પ્રહરમાં ગુમાસ્તાને સાથે લેઇ ગયો. વેશ્યાનો આ વખત નિદ્રાનો હતો. એક પલંગમાં વેશ્યા પડી હતી. જે આંખો પ્રથમ જે જે સમયમાં સુંદર દેખાતી હતી. તે હાલ શોભા આપતી નહોતી. ગાલ ઉપર આંખમાં ઘાલેલી મેંશના પ્રવાહ તણાઇ આવ્યા હતા. વસ્ત્રની અવ્યવસ્થા થવાથી શોભાયમાન અંગો પણ અરૂચિકર લાગ્યાં. કેશ પાશ છૂટવાથી અને તે શરીરપર વિખરાઇ જવાથી ભૂતડીની શોભાને ધારણ કરતો હતો, વેશ્યાનાં પ્રત્યેક અંગ બીભત્સ જણાયાં, વિવેકચંદ મનમાં વિચાર કરીને ગુમાસ્તાને કહેવા લાગ્યો કે, કેમ ગુમાસ્તા આવી વેશ્યા કરતાં ઘરની સ્ત્રી શું ખોટી છે: ઘરની સ્ત્રી મ્હને તો આના કરતાં સારી લાગે છે, ગુમાસ્તાએ પણ તે બાબતની સારી રીતે પુષ્ટિ કરી. પૈસાનો નાશ, વિત્તનો નાશ, વીર્યનો નાશ આદિ અનેક દુર્ગુણોનું કારણ વેશ્યા છે કહ્યું છે કે—

### छप्पय छंद.

वेश्या संगे पाप जगत्‌मां मोटुं भाख्युं,
वेश्या संग कर्याथी मूर्खोए दुःख चाख्युं;
वेश्या संगी वित्त विनाशे भलुं न जोवे,
निज पत्नीनो प्रेम हणीने मूढ ज होवे;

कुटुंब घर निज देशनी अहो अवनतिनुं घर अहो,
जगतमां तैं मूर्ख मोटो हृदयमां समजी रहो. ॥ १ ॥
वेश्याना नाचे मोह्या ते लहे खुवारी,
कूतर सम तेनी वृत्ति जोशो नरनारी;
वेश्याना घरमां जायाने हृदय निवारे,
पण समजे नहि मूर्ख सत्यने नहीं विचारे;
वीर्य कीर्त्तिनो नाश थावे मोहथी ते करगरे,
धिक्कृतसअवतारने अहो समजीने नहि आचरे. ॥ २ ॥

ઇત્યાદિ ગુમાસ્તાએ શાસ્ત્ર વાક્ય સંભળાવ્યાં તેથી વિવેકચંદ્રના મનમાં વિવેક પ્રગટ્યો અને પ્રતિજ્ઞા કરી કે આજથી વેશ્યાના ઘેર આવવું નહીં. હળવે હળવે સમય ઓળખી ગુમાસ્તાએ વિવેકચંદ્રના હૃદયમાં વિવેક પ્રગટાવ્યો. વિવેકચંદ્રના હૃદયમાં સદ્ગુરૂ સમાગમથી વિશેષતઃ વિવેક પ્રગટ્યો. તેથી વિવેકચંદ્ર નામની સાર્થકતા થઇ. વિવેકચંદ્ર જ્યારે વિવેક પામ્યો ત્યારે ગુમાસ્તાનાં વચન અમૃત સમાન માનવા લાગ્યો. અને ચાર વર્ગનું સાધન કરવા લાગ્યો. આ દૃષ્ટાંત વાંચી ભવ્યજીવોએ હૃદયમાં વિવેક ધારણ કરવો વિવેક, ચિંતામણિરત્ન કરતાં પણ વિશેષતઃ ફલપ્રદ છે વિવેકી પુરૂષ જે જે ચિંતવે છે, જે જે બોલે છે. જે જે કરે છે, તે વિવેક પુરસ્સર હોવાથી દુઃખમાં આવી પડતો નથી. અને દુઃખ સાગરને તરી પેલે પાર જાય છે. સત્પુરૂષો વિવેક પામી અનંત સુખ પામ્યા, પામે છે, અને પામશે.

---

# પરોપકાર (અદ્‌ભૂત તત્ત્વ.)

( લેખક—મુનિશ્રી બુદ્ધિસાગરજી )

**परोपकाराय सतां विभूतयः**

પરોપકાર માટે સત્ પુરૂષોની વિભૂતિયો છે.

અન્યના ઉપર ઉપકાર કરવાથી આત્મા ક્ષણે ક્ષણે ઉચ્ચ કોટિપર ચઢતો જાય છે. મેઘ વૃષ્ટિની પેઠે ઉત્તમ પુરૂષો પરોપકાર કરે છે. પરોપકાર કરવામાં જે જે વસ્તુઓ વાપરવામાં આવે છે તે પાછી મળે છે. મનુષ્યના જીવનમાં પરોપકારજ મોટો ધર્મ છે. જે જે પ્રાતઃસ્મરણીય ઉત્તમ પુરૂષો

થઈ ગયા છે તે સર્વ પરોપકાર ગુણના લીધેજ—જાણો સમજશો કે—પરોપકાર વિના તમારૂં શરીર ઉભું રહી શકે નહીં. તમારૂં શરીર અન્યના પરોપકારના લીધેજ ઉભું છે-**परस्परोपग्रहःजीवानां** આ ઉત્તમ સૂત્ર સૂચવે છે કે, જીવોને પરસ્પર ઉપકાર છે. એક બીજાની સહાય વિના ચાલે તેમ નથી. મનુષ્ય બાલ્યાવસ્થામાં માતાપિતાના પરોપકારથી ઉછરે છે પશ્ચાત્, વિદ્યાગુરૂ, કલાગુરૂ, ધર્મગુરૂ આદિના પરોપકારમાં દબાએલો છે. મનુષ્ય અન્નાદિનું સેવન કરે છે, પણ જો તે અન્નાદિક ન હોય તો તેનું ગુજરાન શી રીતે ચાલી શકે ? કપાસ ન હોત તો વસ્ત્ર શાનાં પહેરત, આ ઉપરથી સિદ્ધ થાય છે કે, દરેક આત્માને અન્યના આશ્રયની જરૂર છે, રાજાને પ્રજાના આશ્રયની જરૂર છે, પ્રજાને રાજાના આશ્રયની જરૂર છે. ગૃહસ્થને ત્યાગિના આશ્રયની જરૂર છે. તેમજ ત્યાગિને ગૃહસ્થની અપેક્ષા આહારાદિક માટે રાખવી પડે છે. આમ ઉપકારની સાંકળમાં જગત્ સંકલિત થયું છે, ગમે તે સ્થિતિમાં ગમે તેના ગમે તેવા ઉપકારો થએલા હોય છે. થાય છે અને થશે, આન્યાયથી મનુષ્યોએ ઉપકાર પ્રતિલક્ષ્ય રાખવું જોઇએ. ચંડકૌશિક સર્પને પ્રતિબોધવાની શ્રી મહાવીર તીર્થંકરને શી જરૂર હતી. વિચારતાં માલુમ પડશે કે ફક્ત ઉપકાર દષ્ટિજ. સર્વ કૃત્યમાં સર્વ ધનમાં સર્વ તીર્થમાં ઉપકાર સમાન કોઈ નથી. ઘણા મનુષ્યો સામો બદલો લેવાની બુદ્ધિ રાખી ઉપકાર કરે છે. આવા ઉપકારથી અધઃપતન થાય છે, કારણ કે કોઇએ ઉપકારનો બદલો સામો ન વાળ્યો તો ઉલટો તેના ઉપર ક્રોધ થાય છે, પશ્ચાતાપ થાય છે. માટે નિષ્કામબુદ્ધિથી ઉપકાર કરવો જોઇએ. નિષ્કામબુદ્ધિથી કરેલ ઉપકાર અનંત ઘણું ફલ આપે છે, ઉપકાર કરતાં કદી વિઘ્ન આવે તો પણ પાછા ફરવું નહિ. જે મનુષ્યો કીર્તિની ઇચ્છાથી ઉપકાર કરે છે તેને ફક્ત કીર્તિજ મળે છે, પણ ઉત્તમ ફળ મળી શકતું નથી, પ્રત્યેક આત્માને ઉચ્ચ કોટીપર મૂકવો તેનું નામ પરોપકાર છે. દરેક આત્મામાં અનંત સુખનો સાગર છે પણ તે સુખનો પ્રકાશ કરવામાં જે જે વિઘ્નો (અપાયો) છે તેનો નાશ કરવા સહાય કરવી તે પરોપકાર જાણવો. સદ્ગુણી જીવ તો ગુણવાન્ છે એટલે તેનું શું ભલું કરી શકાય. પણ જે દુર્ગુણી છે તેના દુર્ગુણોનો નાશ કરવો તેજ ખરેખર પરોપકાર છે. પોતાના કરતાં અલ્પશક્તિવાળા જીવોનું રક્ષણ કરવું, તેમનાપર દયા કરવી, તેમનાં દુઃખ દૂર કરવા પ્રયત્ન કરવો તેજ ખરેખર પરોપકાર છે. કોઇ પણ પ્રાણીને સંકટમાંથી બચાવવું, તેની કીર્તિનું રક્ષણ કરવું, તેના હૃદયમાં રહેલી દુર્બુદ્ધિનો નાશ કરવો તેજ પરોપકારનું સદ્વર્તન જાણવું.

ઉત્તમ પુરૂષો પરોપકાર કરતાં કંટાળતા નથી, પરોપકાર એ ઉત્તમમાં ઉત્તમ આવશ્યક કર્તવ્ય છે. પરોપકાર વિના મનુષ્યોને મનુષ્યમાં ગણવો કે કેમ તે વિચારવા યોગ્ય છે. શ્રી તીર્થંકરો પણ ગૃહાવાસમાં દીક્ષા લેતી વખતે એક કરોડ સાઠ લાખ સોનૈયાનું પ્રતિદિન સાંવત્સરિક દાન આપે છે. પોતાના ઘેર ભિક્ષુક માગવા આવે છે તે ઉપરથી શિખવાનું કે જો આ ભવમાં દાનાદિકથી પરોપકાર નહિ કરવામાં આવે તો પરભવમાં નીચ અવતાર આવશે. પરોપકાર પોતાના આત્માના હિત માટે કરવાની જરૂર છે. કારણ કે, આપનાર જે આપે છે તેના બદલામાં તે વિશેષ પ્રાપ્ત કરે છે, પરોપકારી મનુષ્ય ઉચ્ચ જીવન સહેજે કરે છે, નદી, સમુદ્ર, મેઘ વગેરે ઉપકારના દૃષ્ટાંતરૂપ છે, મનુષ્ય ક્ષણે ક્ષણે ઉપકાર કરી શકે, દરરોજ ઉપકાર કરવાની ટેવ પાડવી જોઈએ, પ્રથમ ન્હાના ન્હાના ઉપકાર કરતાં શિખવું જોઈએ, ઉપકાર કરવાની ટેવ પાડવાથી પશ્ચાત્ સહેજે ઉપકાર કરવાનું વલણ થાય છે. પ્રત્યેક મનુષ્યને અન્ન, વસ્ત્ર, દવા જ્ઞાન આદિથી ઉપકાર કરવો જોઈએ, જે મહાત્માઓએ પોતાનું જીવન ઉપકારમાંજ ગાળ્યું છે તેના નામની દીવાલીઓ હાલ પ્રવર્તે છે અને જ્યાં ત્યાં તેમના અક્ષર દેહ જીવતા દેખાય છે. ખરેખર ઉપકારીજ પૂજ્ય ગણાય છે. શ્રી સિદ્ધ ભગવાનને પરમેષ્ઠિમાં પ્રથમ ન ગણ્યા અને અરિહંતને ગણ્યા તેનું કારણ પણ એ છે કે અરિહંતે જીવોના જ્ઞાનચક્ષુ ઉઘાડી સિદ્ધને બતાવ્યા છે. માટે ઉપકારની અપેક્ષાએ તે પ્રથમ પૂજાય છે, ઉપકાર કરનારનો દેહ પૂજાય છે. તેની જન્મભૂમિ પૂજાય છે. ઉપકારીના શરીરની રાખ પણ પૂજાય છે. જગતમાં ઉપકારીજ પૂજાય છે. જે મનુષ્યો સ્વાર્થાંધ બની અન્યના ઉપર ઉપકાર કરતા નથી તે અંતે બહુ પશ્ચાતાપ પામે છે. તેમનું જીવન ઉચ્ચ થતું નથી. તીર્થંકરો કેવળ જ્ઞાન પામીને પણ જગતના જીવોને તારવા માટે ઉપદેશ આપે છે. અહો કેવી તેમની ઉપકારદૃષ્ટિ—ઉપકારદૃષ્ટિવાળો પુરૂષ મનના શુભ વિચારથી ઉચ્ચ સુખમય જીવન કરે છે. મનનાં પાપોને તે ધોઈ નાંખે છે. મનની ઉજ્જ્વલતા કરે છે. મનને સદ્‌ગુણોથી વાસિત કરી ઉત્તમ પરમાત્મ દશા સન્મુખ કરી અન્યના માટે દૃષ્ટાંતભૂત થાય છે, જે મનુષ્યના હૃદયમાં પરોપકાર કરવાની વૃત્તિ આવે છે ત્યારે અન્ય ગુણો પણ સ્વયમેવ આવે છે, પરોપકારી પુરૂષ કલ્પવૃક્ષાદિથી પણ અધિક છે, અન્યના દુર્ગુણોનો નાશ કરવો હોય તો ફક્ત સદ્‌ગુણદૃષ્ટિ ધારણ કરી પરોપકારજ કરો. પરોપકારી સર્વ વર્ણમાં શ્રેષ્ઠતા ભોગવે છે. સ્વાર્થના માટે તો આખું જગત્ સડે છે પણ જે પરોપકાર તરફ લક્ષ રાખે છે તેને ધન્ય છે, પરોપકારીનું ક્ષણ ક્ષણનું જીવન

જે જાય છે તેનું મૂલ્ય થઈ શકતું નથી. મનુષ્યથી અન્યના ભલામાં જે જે કરવામાં આવે છે તે પરોપકારમાં સમાઈ જાય છે. આ સારો છે અને આ ખોટો છે એમ પરોપકાર કરતી વખતે જોવાનું નથી. ખોટા મનુષ્યને પણ સારો કરવો એ પરોપકાર છે તો ખોટાને ખરાબ જાણી તેનું ભલું ન કરવું તે પરોપકાર શી રીતે ગણાય, કોઈના ઉપર ઉપકાર કરવામાં આવ્યો હશે અને કોઈ વખત ઉપકાર કરનાર અધમ સ્થિતિમાં આવ્યો હશે તો તે મનુષ્યો ગમે તે વખતમાં સહાય કરી ઉચ્ચ કરશે. આંબાનું ફળ વાવ્યાથી કેરીજ મળશે, સારૂં કરવાથી અંતે શુભ ફળ મળશે. ઉપકારનું ફળ દોષરૂપ કોઈ બાબતમાં આવે તો તેથી પશ્ચાતાપ કરશો નહિ. ગુણના ભાઈ દોષ. દુનિયામાં કેટલાક પુરૂષો ઉપકાર કરનારનાજ સામા થાય છે, તેથી કંઈ ઉપકારનું ફળ નષ્ટ થતું નથી. ઉપકારનું ફળ તો પરભવમાં મળ્યા વિના રહેતું નથી. કેટલાક જીવો ઉપકાર કરતાં કંઈ વિઘ્ન આવે છે તો ઉપકાર સામું જોતા નથી. ઉત્તમ પુરૂષો પ્રાણાંતે પણ ઉપકાર કરી છૂટે છે. મન, વાણી, કાયા, ધન, સત્તાથી પરનું ભલું કરવું તેમાંજ મહત્વ સ્વીકારે છે. ગાડી, વાડી, લાડી, તાડી, મોજમજામાં મસગુલ થઈ જે પરનું ભલું કરતા નથી. અને પરનું ભલું કરવા દયાપણુ જરા લાવતા નથી એવા જીવોની અધમ સ્થિતિ જોઈ તેમના ઉપર કરૂણા આવે છે. તે જીવોનું કોઈ પણ રીતે ભલું થાઓ. તેમનો આત્મા શુભ સંસ્કારથી વાસિત થઈ પરોપકારમાં જોડાઓ, ઉત્તરોત્તર ધર્મદાનાદિક ઉત્તમ પરોપકારની શક્તિઓ પ્રાપ્ત થાઓ.

॥ ૐ શાન્તિ. ॥

# જૈનોનું તત્વજ્ઞાન અને માનસિક શાસ્ત્ર.

( મર્હુમ વીરચંદ રાઘવજી ગાંધી બી. એ નો એક ઉત્તમ લેખ. )*

આ દેશના ( અમેરિકાના ) કિનારા સુધી વેદાન્તનું સત્ય આવ્યું છે તે જાણી હું ખુશી થયો છું. પણ જો હિંદુસ્તાનના જુદા જુદા ધર્મોમાં રહેલું સંપૂર્ણ સત્ય રજુ કરવામાં આવ્યું હોત તો વધારે ફાયદો થાત કારણ કે તેથી, હિંદુસ્તાનના જ્ઞાનના અપૂર્ણ દેખાવને બદલે સંપૂર્ણ દેખાવે રહસ્ય વિચારનારા વિદ્યાર્થીઓની ઉત્કંઠા તૃપ્ત કરી હોત, પણ જગતની ધાર્મિક અને તત્વજ્ઞાન સંબંધી ઉન્નતિના ઇતિહાસ ઉપરથી જણાય છે કે અમુક મતને સર્વ ગ્રાહી ( Universal ) બનાવવાને ઘણો વખત લાગે છે અને તેથી

* અનુવાદક ( દોશી મણીલાલ નથુભાઈ બી. એ )

આપણે થોભવું પડશે. હિંદુ અથવા વૈદિક આત્મ તત્વ વિદ્યા સિવાય વેદ અને ઉપનિષદ ઉપર આધાર નહીં રાખનારી બીજી વિચાર પદ્ધતિઓ છે.

પણ તેમના માનની ખાતર જણાવવું જોઇએ કે કેટલાક ખ્રીસ્તી પંથની માફક અન્ય ધર્મીઓને તેઓ ઇશ્વરની અકૃપાના પાત્ર બનાવતા નથી. આ વિચાર પદ્ધતિઓ જૈન અને બુદ્ધ ધર્મો છે. બુદ્ધ ધર્મ વિષે ઘણાં ભાષણો થયાં છે અને ઘણું લખાયું પણ છે, પણ જૈન ધર્મને વિષે તો ઘણુંજ થોડું કરવામાં આવ્યું છે, માટે આ લેખમાં જૈન ધર્મનું ટુંક વર્ણન કરવાને હું ઇચ્છું છું કે જેથી પાશ્ચિમાત્ય દેશોમાં હિંદુ તત્વજ્ઞાન સંબંધી યોગ્ય વિચાર કરવાનું લોકોને બની શકે. જે મનુષ્યો અથવા સ્ત્રીઓએ પોતાના અધમ સ્વભાવ રાગદ્વેષ ઇત્યાદિ-ઉપર જય મેળવ્યો છે અને ઉચ્ચમાં ઉચ્ચ સ્વભાવને ખીલવ્યો છે તેઓને (સામાન્ય રીતે જીન શબ્દ લગાડવામાં આવે છે)જીન કહેવામાં આવે છે અને જીનનો અનુયાયી તે જૈન કહેવાય છે. નીચ સ્વભાવ ઉપર સંપૂર્ણ જય મેળવવાની આવશ્યકતા ઉપર જૈન તત્વજ્ઞાન આધાર રાખતું જણાય છે. ઉન્નતિ નહિ પામેલા અથવા અપૂર્ણ ઉન્નતિ પામેલાને તે બાબત નીચ સ્વભાવ ઉપર જય મેળવવા રૂપ દેખાય છે, પણ સંપૂર્ણ ઉન્નતિ પામેલાને તે સર્વોત્કૃષ્ટ સ્થિતિ અનુભવવા રૂપ જણાય છે. ભૂતકાળમાં ઘણા જીનો થઇ ગયા અને ભવિષ્યમાં નિઃશંસય ઘણા થશે. તેટલા માટે જૈનોનું તત્વજ્ઞાન અમુક લેખો ઉપર નહિ પણ અધ્યાત્મિક ચૈતન્યના પ્રકટી કરણ ઉપર આ ધાર રાખે છે. આ અધ્યાત્મિક ચૈતન્યનું પ્રકટીકરણ દરેક આત્માનું થઇ શકે છે, આ સત્યને ગ્રંથો, લખાણો અને ધર્મ પુસ્તકો આખું અથવા થોડું બતાવી શકે; પણ છેવટની સત્ય વાત એ છે કે જૈન ધર્મના સત્યોનો સંપૂર્ણ ખ્યાલ ફક્ત શબ્દોમાં આવી શકે નહિ. આ સત્યે તો મનુષ્યે પોતાની મેળે, આત્મામાં અનુભવવા પ્રયત્ન કરવો. જૈન ધર્મ પ્રમાણે આ વિશ્વનું મૂળ શું છે? આવો પ્રશ્ન મને વાર વાર પુછવામાં આવે છે. આપણે તેજ પ્રમાણે પુછી શકીએ કે સતનું મૂળશું છે? ઇશ્વરનું મૂળશું છે? આરંભમાં તત્વજ્ઞાન અને બહારનું સાદુ તત્વ જણાવે છે અને તે ઉપરથી મિશ્રિત વિવિધતા બતાવવાને પ્રયત્ન કરે છે અને આને લીધે તત્વજ્ઞાન વિવિધ પ્રકારનું દેખાય છે. સઘળી વિચાર પદ્ધતિઓ **કાર્ય કારણ ના મહાન નિયમનો** ખુલાસો આપવાને પ્રયત્ન કરે છે, અને તે પ્રયત્નમાં ઘણો વિચાર કર્યા પછી થાકી જઇને અમુક વસ્તુ અમુક તત્વ અથવા અમુક સિદ્ધાંતે (પછી તે વસ્તુતત્ત્વ યા સિદ્ધાંત સ્થૂલ હોય

કે માનસિક હોય તોપણ) અટકી પડે છે. તેની પેલી પાર તેમના વિચારો જઈ શકતા નથી. દ્રષ્ટાંત તરીકે **આયોનીક** તત્વવેત્તાઓ આ પ્રથમ તત્વને જળ, અગ્નિ, અથવા વાયુ કહેતા હતા.

હિંદુસ્તાનમાં ઉન્નતિ ક્રમ, વિશ્વ ચૈતન્ય અને ઇંદ્રીયોની ઉત્પતિ આ સર્વ મૂલ પ્રકૃતિરૂપ સાદા એક પદાર્થમાંથી ઉત્પન્ન થયા છે એમ સમજાવવાનો **સાંખ્ય** વિચાર પદ્ધતિએ પ્રયત્ન કર્યો છે, અર્વાચીન સાયન્સ ( શાસ્ત્રીય વિદ્યા ) સાદી "પ્રોટોપ્લેઝમ નામની આદી વસ્તુમાંથી સર્વ ચૈતન્યનો ઉદ્ભવ સમજાવે છે. દરેક કાર્યનું કારણ શોધતાં જ્યારે આ તત્વ વેત્તાઓ અમુક વસ્તુએ અટકે છે ત્યારે તે કાર્ય કારણનો નિયમ અમુક આદિતત્વને લાગુ પાડતા નથી. અને આ રીતે પોતેજ પોતાના મતના વિરોધી બને છે. જર્મનીમાં કીલ યુનિવર્સીટીમાં તત્વજ્ઞાન નો પ્રોફેસર ડૉ. પોલડયુશન "માનસિક શાસ્ત્રના મૂળતત્વો" નામના તેના ગ્રંથમાં કાર્ય કારણના નિયમ વિષે ખરી રીતે જણાવે છે કે "જેમ દિશા અને કાળ અપરિમિત છે તેમજ કાર્ય કારણના નિયમની લાગ અનાદિ અનંત છે" અને તે જણાવવાને નિચેની સાબીતીઓ આપે છે. ( ૧ ) જો તે અનાદિ ન હોય તો આપણે વસ્તુઓની પ્રથમ સ્થિતિ ધારવી પડશે. આ સ્થિતિમાં ઉન્નતિ થાય માટે તેમાં ફેરફાર થવો જોઇએ અને આ ફેરફાર વળી આગળના ફેરફારની અસર રૂપ થશે ( આ રીતે અનવસ્થા દોષનો પ્રસંગ આવશે.) ( ૨ ) કાર્ય કારણની સાંકળ અંત વિનાની છે, કારણ કે યોગ્ય કારણના કાર્યરૂપ થયા સિવાય કોઇપણ ફેરફાર કોઇપણ વખતે થઇ શકે નહિ.

તેટલા માટે જૈન ધર્મ **આયાવાદ પરિણામવાદ** અથવા **ઉત્પતિવાદને** માનતો નથી પણ તેથી ઉલટું છુટા પાડી ન શકાય તેવી રીતે દરેક વસ્તુ સાથે વિવિધ ગુણો જોડાયલા છે એમ જણાવે છે તે ઉપરથી પ્રશ્નના એક બાજુની અપેક્ષાએ ફક્ત એક ગુણનું પ્રતિપાદન સત્ય ઠરશે, પણ જો બીજી બાજુઓનો અનાદર કરવામાં આવે તો તે ખોટું ઠરશે. કારણ કે અમુક બાજુની હયાતી બીજી બાજુઓ ઉપર આધાર રાખે છે. તેમજ જૈન ધર્મ નિશ્ચયનાથી જણાવે છે કે સત્યની વિવિધ બાજુઓ અપેક્ષાઓ ( જો કે ચૈન્યથી અનુભવાય તોપણ ) શબ્દમાં દર્શાવવી અશક્ય છે. કારણ કે શબ્દોનો ઉચ્ચાર કરતાં એક કરતાં વધારે ક્ષણ જાય છે. આ જૈન ધર્મ સ્યાદ્વાદ અથવા વિવિધ અપેક્ષાવાળો પણ કહેવાય છે. દષ્ટાંત તરીકે આ જગત શાસ્વત છે અને નથી. જેન આવિર્ભાવ પર્યાય, અભિવૃદ્ધિ અને પ્રવૃત્તિઓ

આ સર્વ ઉપર લક્ષ ન દેવામાં આવે તો જગતનું જે કાંઇ તત્વ રહે છે તે શાસ્વત છે. પણ જો પર્યાય વિગેરેનો વિચાર કરવામાં આવે તો તે અપેક્ષાએ જગત્ શાસ્વત નથી. બરોબર સમજવાનો અને ચોકસ જ્ઞાન મેળવવાનો ફક્ત આ માર્ગ છે "સદ્ અને અસદ રૂપ વિરૂદ્ધ ધર્મો એકજ વખતે એક વસ્તુમાં હોઇ શકે નહિ કારણ કે અનુભવ પરથી જણાય છે કે એક વસ્તુ એક જ ક્ષણે ગરમ તેમજ થંડી હોઇ શકે નહિ " આ કારણને લીધે જૈન ધર્મ અમાન્ય છે એમ જણાવનારા મોટી ભૂલમાં પડેલા છે. એકજ ક્ષણે વસ્તુ ગરમ અને થંડી હોઇ શકે એવું જૈનો શિખવતા નથી. પણ તેઓ નિશ્ચયતાથી જણાવે છે કે કોઇ પણ વસ્તુ તદન ગરમ અથવા તદન થંડી હોઇ શકે નહિ. અમુક સંજોગોમાં તે ગરમ હોય છે અને અમુક બીજા સંજોગોમાં તે ઠંડી હોય છે એકજ ક્ષણે એક વસ્તુમાં અસ્તિત્વ અને અનસ્તિત્વ છે એમ જૈનો શિખવતા નથી. તેઓ આ પ્રમાણે શિખવે છે કે દરેક વસ્તુમાં તેનો પોતાનો સદ્ભાવ છે અને બીજી વસ્તુઓનો અસદ્ભાવ છે. આ ઉપરથી જણાય છે કે વસ્તુ શું છે, અને વસ્તુ શું નથી, તે સમજવાથી તે વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન મળી શકે.

વેદાન્ત તત્વજ્ઞાનની વિચાર પદ્ધતિઓવિષે જૈનોનો શું મત છે તે હવે વિચારીએ "ષટ દર્શન સમુચ્ચય" નામના ગ્રંથના ટીકાકાર ગુણરત્નસૂરી કહે છે કે "જો કે તત્વ જ્ઞાનની જુદી જુદી વિચાર પદ્ધતિઓ ધર્માંધતાને લીધે એક બીજાની વિરૂદ્ધ જણાય છે તોપણ તેમાં સત્યતાની કેટલીક બાજુઓ રહેલી છે અને જો તેમને જોડી દેવામાં આવે તો તેઓમાં એક વાક્યતા માલમ પડશે.

દ્રષ્ટાંત તરીકે બુદ્ધ લોકો ક્ષણ ભંગવાદ પ્રતિપાદન કરે છે, સાંખ્યો નિત્યતા સ્થાપન કરે છે, નૈયાયિકો અને વૈશેષિકો, અપરાધિન (સ્વતંત્ર) શાસ્વત અને અશાસ્વત વસ્તુઓ, સદ અને અસદ, અભેદ, અને ભેદ અને આમ વાક્યની નિત્યતા માને છે.

મીમાંસકો શાસ્વતપણું અને અશાસ્વતપણું, અનૈક્યતા અને ઐક્યતા, સદ્ અને અસદ્, ભેદ અને અભેદ, અને આમ વાક્યની નિત્યતા માને છે, કેટલાકો જગતના મૂળ તરીકે કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અથવા પુરૂષને માને છે અને અદ્વૈત વાદીઓ જેઓ શબ્દ બ્રહ્મ જ્ઞાનમાં માને છે તેઓ આ સર્વની ઐક્યતાના હીમાયતી છે. આ જુદા જુદા ધર્માનુયાયીઓએ માનેલા સત્યની જુદી જુદી બાજુઓનો સંબંધ જોડવામાં આવે તો એક

મહાન્ સત્ય તેમાંથી માગી આવે છે, પણ જો તેઓ સંબંધ ન કબુલ કરે તો તેઓ એક બીજાના વિરોધી બને છે અને તેઓ આકાશપુષ્પવત્ નિરર્થક થઇ રહે છે." જૈન તત્વ વિદ્યા શિખવે છે કે આ જગત્ દિશામાં અપરિમિત છે અને કાળમાં શાસ્વતું છે પણ તેનું તે જગત્ વિવિધ તત્વોના આવિર્ભાવની અપેક્ષાએ વિચારતાં દિશામાં પરિમિત અને કાળમાં અશાસ્વત છે. વિશ્વના અમુક ભાગો ઉન્નતિક્રમ અને અવનતિક્રમના નિયમો જેવા કાળ-ચક્રને આધીન છે, કાળના અમુક ભાગોમાં અર્હંતો, ગુરૂઓ, જગદુદ્ધારકો જન્મ લે છે અને તેઓ પ્રેમથી ( આત્માની નહિ પણ ) નીચસ્વભાવની આહુતી આપીને જ્ઞાનદ્વારા સત્યસિદ્ધાંતોનો ઉપદેશ કરે છે, ભરતખંડ નામના દુનીઆના ભાગમાં છેલ્લા અર્હન્ મહાવીર. ઈ. પૂ. ૫૯૮ માં વિદેહ પ્રાંતમાં કુણ્ડગ્રામ નગરમાં જન્મ્યા હતા. તે ૭૨ વર્ષનું આયુષ્ય પાળી ઈ. પૂ. ૫૨૬ માં મોક્ષપદે પહોંચ્યા.

જૈન તત્વજ્ઞાન પ્રમાણે દરેક આત્મા જુદી વ્યક્તિ છે. તેનો કોઈ કર્તા નથી અને તે શાશ્વતો છે. અનાદિકાળથી કોઇપણ દેહ ધારણ કરીને દરેક જીવાત્મા રહેલો છે. **કાર્ય કારણના કર્મના મહાન્ નિયમાનુસારે અધમ સ્થિતિમાંથી ઉચ્ચ સ્થિતિમાં ઉન્નતિ પામે છે.** જ્યાં સુધી પૂર્વ જન્મોમાં ઉત્પન્ન કરેલી શક્તિઓ, કર્મ ખપી ગયાં નથી ત્યાં સુધી તે આ સ્થૂલશરીરનો ત્યાગ કરીને બીજુ શરીર ધારણ કરે છે અને આત્માની સંપૂર્ણ પવિત્રતા ખુલ્લી થાય છે ત્યાં સુધી આ ઉન્નતિક્રમ ચાલ્યા કરે છે. ખરી સંપૂર્ણતા તે વખતે વ્યક્ત થાય છે અમુક વ્યક્તિની આ સંપૂર્ણતા જૈન ધર્મ પ્રમાણે નિર્વાણ મોક્ષ કહેવાય છે. વ્યક્તિ બીજામાં મળી જતી નથી તેમ તેનો નાશ પણ થતો નથી, આ ઉન્નતિનો માર્ગ સદનુભવ ( સદ્દર્શન ) સદ્જ્ઞાન અને સચ્ચારિત્રમાં સમાએલો છે.

હવે જૈન માનસિક શાસ્ત્ર હું ટુંકમાં જણાવીશ. ઉન્નતિક્રમ અને કર્મના નિયમદ્વારા જ્ઞાનના પાંચ દ્વાર ખુલ્લાં થાય છે. પ્રથમ દ્વાર ઇંદ્રિઓનું છે, જીવનના હલકા આકારોમાં જીવને ફક્ત એક સ્પર્શેદ્રિય હોય છે જીવનના ઉચ્ચ આકારોમાં બે, ત્રણ, ચાર, ( પ્રાણી, પક્ષી, માછલી અને મનુષ્યોમાં ) પાંચ ઈંદ્રિઓ હોય છે. ઈંદ્રિઓ દ્વારા ઘણુંજ પરિમિત જ્ઞાન મેળવી શકાય છે, જ્ઞાનનું બીજુદ્વાર અભ્યાસ અને વાંચન છે ત્રીજુ દ્વાર અવધિજ્ઞાન અથવા ઈંદ્રિયાતીત શક્તિ છે.

અવધિ જ્ઞાનથી વધારે વધારે જાડી અને વધારે સૂક્ષ્મ વસ્તુઓ જ-

ણાય છે. ચોથું મન પર્યવજ્ઞાન છે અને તે દ્વારા બીજાની માનસિક ક્રિયાઓ જણાય છે અને સમજાય છે. પાંચમુ દ્વાર કેવલજ્ઞાન છે તે જ્ઞાનને લીધે શરીર અને મનની સર્વ મર્યાદાઓ ખસી જાય છે. આ સ્થીતિમાં ભાનનો નાશ થતો નથી પણ તેથી ઉલટું સંપૂર્ણ ભાન આવે છે.

આ સર્વ સ્થિતિઓ આત્માને તેની મેળે નહિ પણ સ્વતંત્ર અભ્યાસ શક્તિના સતત્ પ્રયત્ન અને ઉપયોગથી, અથવા તો ધ્યાનાભ્યાસ શક્તિને વધારીને વધારે સ્વતંત્ર કરવાથી પ્રાપ્ત કરી શકાય છે. ઉપાધિ ફક્ત પ્રકૃતિના સૂક્ષ્મ પરમાણુઓની રચના રૂપ છે. અને તે દ્વારા અમુક આત્માનું પ્રકટીકરણ થાય છે. ઉપાધિ દરેક ક્ષણે બદલાય છે પણ અમુક વ્યક્તિ તે જીવાત્માની પ્રકટીકરણની અમુક સ્થિતિ રૂપ છે અને તેથી તે વ્યક્તિ સંસાર વ્યવહારના પાપ અને દિલગીરી, સુખ અને આનંદને ધારણ કરે છે.

કેવળ ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થતાં આ ધારણ કરવાનો સ્વભાવ ધાન્ય ઉપરથી છોતરાંની માફક દૂર થાય છે અને આત્મા દૈવી અને શાશ્વત આનંદમાં વસે છે. આત્માનો નાશ થતો નથી અને બીજા આત્મામાં અથવા પરમાત્મામાં મળી જતો નથી. અને જો મને પ્રશ્ન પૂછવામાં આવે કે આ મુક્ત સ્થિતિમાં આત્મા એક છે કે અનેક છે, તો હું તે મનુષ્યને જૈન ગુરૂના શબ્દમાં જણાવીશ કે જે આત્માથી મને મારી જાતનો અને આત્માનુભવથી મારા તત્વનો અનુભવ થયો તે આત્મા હું છું. હું પુરૂષ નથી, સ્ત્રી નથી તેમજ નપુંસક નથી વળી એક નથી, બે નથી તેમ બહુ નથી.”

જૈન ધર્મ પ્રમાણે ઉચ્ચભાવના-સર્વોત્કૃષ્ટતાની અપેક્ષાએ તમે પ્રભુ છો પણ તેનું અમરત્વ ખરી મુક્તિ જ્ઞાન અને ક્રિયાથી પ્રાપ્ત થાય છે. જૈન ધર્મ શિખવે છે કે જ્ઞાન અને ક્રિયાથી જીવાત્મા ગુપ્ત શક્તિઓની ઉન્નતિ કરે છે અને તેમને ખીલવે છે તેટલા માટે “ હું પ્રભુ છું ” આ શબ્દનો અર્થ જૈન નીચે પ્રમાણે કરશે “ હું પ્રભુ સ્વભાવમાં અથવા ગર્ભમાં છું ” મારામાં પ્રભુની શક્તિ છે, અથવા પ્રભુ થવાની ખરેખરી સંભવિતતા છે. જે મારામાં ગર્ભિત છે તે વ્યક્ત થશે ” ગર્ભિત અને વ્યક્ત એ બેમાં ઘણો ભેદ છે જેઓ આ ભેદ કબુલ કરતા નથી તેઓ ન્યાયી અને સ્વતંત્ર થવાને કદાપી પ્રયત્ન કરશે નહિ.

જૈનોનો સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદ એક અમેરિકન લેખકના શબ્દોમાં કહિએ તો “માનસિક શાસ્ત્રના સૂક્ષ્મમાં સૂક્ષ્મ તત્વની શોધમાં ઉતરવાને, અને વાસ્તવિકરીતે ગહન વિચાર કલ્પનાના ગુંચવાણ ભરેલા પ્રશ્નોનું નિરા-

કરણુ કરવાને શક્તિવાન છે. છેવટે મનુષ્યના મનથી ન્યાય યુક્ત રીતે કલ્પી શકાય તેવી કોઈપણુ રીતથી જેનો નિશ્ચય થઈ શકે તેવા પ્રશ્નની હદનો નિશ્ચય કરવાને શક્તિવાન છે. વળી પરસ્પર વિરૂદ્ધ ધર્મવાળાઓને તેઓના પોતાના મતનો ત્યાગ કરાવીને નહિ, પણુ અન્ય ધર્મો પણુ ટકી શકે એવા છે અથવા તેઓ સત્યની અમુક બાજુ બતાવવાને જે કેટલાક રૂપાન્તર સહિત દર્શાવવી જરૂરની છે તે બાજુના દર્શાવનારૂં છે એમ સિદ્ધ કરીને વિરૂદ્ધ ધર્મોની એક વાક્યતા સિદ્ધ કરવાને સ્યાદ્વાદ આશા પામે છે અને સર્વમય તત્વના પરસ્પર સંબંધ ધરાવનારી ઐક્યતાની વિવિધ અપેક્ષાઓમાં અખંડ સત્ય સમાએલું છે એમ તે મન જણાવે છે."

---

# જૈનો અને વ્યાવહારિક કેળવણી.

## ( લેખક. ભોગીલાલ મગનલાલ શાહ. ગોધાવી ).

જુદા જુદા લેખકોએ જુદા જુદા દૃષ્ટિબિંદુથી 'કેળવણી' ની અનેક વ્યાખ્યાઓ બાંધેલી છે, પરંતુ સામાન્ય રીતે જો એમ ધારીએ કે કેળવણીનો હેતુ કોઈ પણુ મનુષ્યને આ દુનિયામાં તેની વાસ્તવિક સ્થિતિ અને તેનો વાસ્તવિકધર્મ શોધી કાઢવાને દોરવાનો છે, તો તેમાં તેનો સમાવેશ થઈ શકે. કઈ સમષ્ટિનું તે અંગ છે? તે સમષ્ટિએ સંપાદન કરેલા કયા વ્યાવહારિક સ્વરૂપ—ધોરણુ માટે અને તેને ઉત્તેજક કયા ધર્મ નીતિ વિષયક સ્થિતિ સંયોગો માટે તેને લાયક થવાનું છે? ( અત્ર વિષય 'વ્યાવહારિક કેળવણી' નો હોવા છતાં ધાર્મિક કહેવાનું કારણુ એ છે કે સમાજની વ્યાવહારિક સ્થિતિનું સ્વરૂપ તેના ધાર્મિક સંયોગો સ્થિતિ આદિની અસર પ્રમાણે વલણુ પકડે છે. ) સમાજની પૂર્વોક્ત સ્થિતિ પ્રાપ્ત કરવા માટે તેનું વાસ્તવ કર્તવ્ય શું છે? આ વગેરે બાબતો વિચારતાં વ્યાવહારિક કેળવણી એ કેવું સ્વરૂપ-ધોરણુ-પકડવું જોઈએ એ સહજ નિર્દિષ્ટ થાય છે. આ નિયમને અનુસરીને કેળવણીના મુખ્ય ઉદ્દેશો (૧) માનસિક વિકાસ અને (૨) ઐહિક સુખી જીવન બન્ને સમાજના વિકાસ ક્રમના જે દરજ્જામાં મનુષ્ય જન્મ્યો હોય તેને અવલંબે છે. આથી વ્યક્તિની કેળવણીમાં બન્ને હેતુનું પ્રમાણુ સચવાવાની જરૂર છે. ઉદાહરણુ તરીકે:—

હિન્દુસ્થાનમાં જાતિપરત્વે હુન્નર ઉદ્યોગ હોવાથી એમ સ્પષ્ટ સમજાય

છે કે અમુક સંસ્થાનો જે ઉદ્યોગ હોય તેને માટે તે સંસ્થાના બાળકને લાયક થવાનું હોય છે. પરંતુ જો વસ્તુતઃ ઉદ્યોગને વિસ્મૃત કરવામાં આવે અને ફક્ત લેખન વાંચન ગણિત આદિની બુદ્ધિની કેળવણી પ્રતિ જો ખાસ લક્ષ આપવામાં આવે તો તે ઉદ્યોગમાં તેનું વ્યાવહારિક જીવન પુરતું યશસ્વી નીવડી શકે નહિ, એ જ પ્રમાણે જૈન કોમનો અંગભૂત ઉદ્યોગ, જે વ્યાપાર તેને અનુરૂપ તત્ત્વ જો બુદ્ધિની કેળવણીમાં સમાયેલું ન હોય તો તેનો ઉદ્દેશ યથાવિધિ ફલિભૂત ન થાય ! આથી સિદ્ધ થાય છે કે વ્યાપારિક ઉદ્યોગને સાધનભૂત વિષયો દેશીનામું, લેખન આદિના મૂળ તત્ત્વોનું જ્ઞાન જૈનબાળકોને આવશ્યક છે, પરંતુ આટલેથી જ કાંઇ સમાપ્ત થતુ નથી. કેળવણીના ઉદ્દેશની આમાં જ સમાપ્તિ માનવાથી આધુનિક જ્ઞાનની નિર્બળતા દ્રષ્ટિગોચર થાય થાય છે. બાળવર્ગ માટે ભાગે વહેમી અને અસંસ્કારી દીસે છે, તેનું મુખ્ય કારણ કેળવણીના હેતુની ગેરસમજ છે. જે જમાનામાં જીવન સાધનો સરળ હતા. સ્પર્દ્ધાનું ક્ષેત્ર વિશાળ ન હતું: જ્યારે રેલ્વે, આગબોટ આદિ સાધનોના અભાવે માલની આપલેનો વ્યવહાર ફક્ત થોડાજ માઇલ સુધી હતો; જ્યારે નિવૃત્તિમય જીવન સરળતાથી ગાળી શકાતું હતું તે સમયે માત્ર ઉપર ચોટિયું વ્યાપાર વિષયક જ્ઞાન કદાચ પુરતું મનાતું હશે, પરંતુ આધુનિક જમાનાનું સ્વરૂપ દિનપ્રતિદિન બદલાતું જાય છે, વ્યવહારનાં સાધનો સરળ અને વૃદ્ધિંગત થતાં જાય છે, જેને લીધે મનુષ્યને લગભગ આખી દુનીઆનાં મનુષ્યોના સમાગમમાં આવવાનું થયું છે. આ પ્રમાણે સ્પર્દ્ધાનું ક્ષેત્ર પણ વિશાળ થયું છે અને થતું જાય છે. પ્રથમના નિવૃત્તિમય જીવનને બદલે દિનપ્રતિદિન જીવન વિશેષ પ્રવૃત્તિમય થતું જાય છે. જે મનુષ્યો સાથે તેને સ્પર્દ્ધામાં ઉતરવાનું હોય છે તેઓ બુદ્ધિબળમાં કોઇ પણ રીતે તેનાથી ન્યુન હોતા નથી આથી સિદ્ધ થાય છે કે જમાનાની હાજતોને અનુસારે કેળવણીનું ધોરણ–પદ્ધતિ બદલવાની જરૂર છે. પરંતુ કહેવું એ દીલગીરી ભરેલું છે કે જૈન પ્રજા–વર્ગ (ગ્રામ્ય પ્રજાવર્ગ ) ની દષ્ટિ જમાનાની હાજતો પ્રતિ ફેરવાઇ નથી. કેળવણીનો જે સંકુચિત અર્થ તેમના તરફથી કરવામાં આવ્યો છે તેનું પરિણામ એ આવ્યું છે કે તેમનાં બાળકો બુદ્ધિબળમાં મંદ પડતાં જાય છે. તેમને અસલથી ચાલતો આવેલો ધીરધારનો અગર સટ્ટાનો એમ બે મુખ્ય ધંધાનો આશ્રય લેવો પડે છે. ધીરધાર દિનપ્રતિદિન કેળવણીના વિસ્તાર સાથે અથવા ખેડુત વર્ગના બચાવને લીધે નિષ્ફળ થવા સંભવ છે. સટ્ટાએ તો કોમના મધ્યમ વર્ગમાંના ઘણાને દુર્-

શામાં લાવી મુકયા છે. કેળવણીના એક પક્ષી વલણના આ વિપરીત પરિણામ વિષે ઉહાપોહ કર્યાં પછી અત્ર કહેવું જોઇએ કે મનુષ્યોએ તેમની આ ધુનિક ( વાસ્તવ ) સ્થિતિ વિષે વિચાર કરવો જોઇએ. ઉક્ત સ્થિતિને અનુસરીને કેળવણી આપવામાં આવે તો તે તે બહુ ઉપયોગી થઇ પડે. જે સાધનો બાળ કેળવણીને માટે પ્રથમના કાળમાં પરિપૂર્ણ મનાતાં તેજ સાધનો સંયોગો બદલાતાં પરિપૂર્ણ મનાય એ અસંભવિત છે. ગ્રામ્ય ધુળી નિશાળો જો કે દરેક સ્થળેથી ઓછી થઇ ગઇ છે અને દિનપ્રતિદિન ઓછી થતી જાય છે અને તેની જગ્યા નિયમસરની બુદ્ધિની કેળવણીની શાસ્ત્રીય સંસ્થાઓએ લીધી છે, તોપણ પોતાની સંકુચિત પ્રવૃત્તિને લીધે ગ્રામ્ય જૈનોનો તે પ્રત્યેનો પ્રેમ હજુ જોઇએ તેટલો ઓછો થયો નથી.

કેળવણીનો વાસ્તવ હેતુ બાળકની સ્વતંત્ર વિચારશક્તિ ખીલવવાનો છે, કે જેથી કરીને તે પોતે જે સમાજનો વ્યક્તિ છે તેનો દરજ્જો અને સ્થિતિ સમજી શકે, અને તેના વ્યક્તિ તરીકે ઉત્તમ જીવન ગાળવાના પોતાના કર્તવ્યને જાણી શકે. પોતે જે સામાજનું અંગ છે તેનો દરજ્જો કયો છે! અર્થાત્ તે વિકાસક્રમના કયા પગથીએ છે ? તે દરજ્જો પ્રાપ્ત કરવા કયા કયા સાધનોની જરૂર છે ? તે સાધનો પ્રાપ્ત કરવા કયા અને કેવા યત્નની જરૂર છે ? આ પ્રકારની વિચાર શક્તિ બુદ્ધિની કેળવણી વિના વિકાસ પામી શકતી નથી.

આથી એ સહજ સિદ્ધ થાય છે કે ઉંચા પ્રકારની બુદ્ધિની કેળવણીની આવશ્યકતા છે. ઉંચા પ્રકારની બુદ્ધિની કેળવણીવડેજ ઇતર સર્વે પ્રજાનો અભ્યુદય થયો છે. તેઓ પોતાનો દરજ્જો જાણવી શકે છે એટલુંજ નહિ પરંતુ આગળ પણ વધી શકે છે. જૈન પ્રજા બુદ્ધિની કેળવણીની સાંપ્રત સંસ્થાઓનો લાભ ન્યૂનાધિક અંશે લે છે અને વાંચન લેખન અને દેશીનામા ઉપરાંત બુદ્ધિનો વિકાસ કરનાર વિષયોના શિક્ષણને પણ ન્યુનાધિક અંશે હિસ્સો મળવા લાગ્યો છે. છતાં શહેરના સુધરેલા વર્ગને બાદ કરતાં માત્ર અલ્પાંશે લોકોનું વલન બદલાયલું દષ્ટિગોચર થાય છે. માનસિક વિકાસનો હેતુ તેઓએ વિસ્મૃત કરી દીધો એમ જણાય છે. જૈનોની પ્રાચીન જાહોજલાલી તેમના બુદ્ધિબળ અને વિચારબળને આભારી છે. જે જૈન સાહિત્ય મહાન્ પૂર્વાચાર્યોએ વારસામાં મૂક્યું છે, જે રાજ્યધર્મ જૈન પ્રધાનોએ બજાવ્યો છે, તે પરથી તેમનું વિચારબળ અને ગૌરવ સિદ્ધ થાય છે. પરંતુ આધુનિક સમયે બુદ્ધિબળ ન્યૂન થતાં રાજ્યમાં ઇતર પ્રજા જેટલો તેમનો મરતબો અને પ્રતિષ્ઠા રહ્યાં નથી.

વ્યાપારમાં પણ પ્રથમની કુશળતા હવે રહી નથી. વસ્તુપાલ જેવા વણિક પ્રધાન સંસ્કૃત વાણીમાં વાતચીત કરી શકતા હતા. જ્યારે હાલ વિદ્યાનો બહોળો પ્રચાર સાધનો અને સ્પર્ધા છતાં જૈનવર્ગ બુદ્ધિ વિષયક જ્ઞાનના વિષયની ઉપેક્ષા કરતો રહે છે. સુભાગ્યે કૉન્ફરન્સ પ્રતિવર્ષે ઉક્ત વિષય સંબંધી વિવેચન કરી માર્ગ નિરૂપણ કરે છે. તે લોકોને બુદ્ધિ ચાતુર્ય, વાક્‌ચાતુર્ય, વિદ્યા કળા, હિરિફાઇ અને સુધારાનું ભાન કરાવે છે. તેના ઉત્તેજનના પરિણામે તેમને સન્માર્ગનું દર્શન થાય છે, એટલું જ નહિ પરંતુ તેમનું દ્રવ્ય સન્માર્ગે અર્થાત્ પ્રજાકલ્યાણાર્થે વિશેષ ખરચાતું જાય છે. 'બોર્ડિંગો' શિષ્યવૃત્તિઓ કન્યાશાળાઓ આદિ કેળવણીને સહાયભૂત સંસ્થાઓનો ઉદ્‌ભવ તેની પ્રેરણાનેજ આભારી છે.

આધુનિક જાગૃતિને વિષે આટલું જણાવ્યા બાદ મૂળ વિષય સંબંધે મારે કહેવું જોઇએ કે વ્યવહારમાં મનુષ્યને બુદ્ધિ, તર્કશક્તિનો કંઇ થોડોઉપયોગ હોતો નથી. દુનીઆદારીનો વ્યવહાર યથાર્થ સમજવામાં; જે દરેક ગુંચવણીઆ સંયોગોમાં મનુષ્ય મુકાય તેનું તે યથાર્થ તોલન કરવામાં; સાધ્ય વસ્તુ પ્રાપ્ત કરવાનાં સાધનોમાં વારંવાર વિપર્યાસ થતાં અને અનેક ફૂટ અને ગહન પરિસ્થિતિઓના ફેરફારમાં પણ સાધ્ય વસ્તુ પરિણામ પ્રતિ એક લક્ષ રાખી, તેને ઉપયોગી બાબતો તારવી કાઢી, તેનાં જ અથથી ઇતિ સુધી લક્ષ આપવામાં બુદ્ધિ ચાતુર્યનો કેટલો ઉપયોગ છે? કોઇ પણ બાબતને મુદ્દાની બાબત સાથે કેટલો સંબંધ છે તે તારવી તે સંબંધ હૃદયમાં નિરાળો રાખી અમુક અમુક બાબતોના સંયોગીકરણ અને પૃથક્કરણવડે સાધ્ય વસ્તુ કેમ સિદ્ધ થાય છે એ વિચારવું એ વ્યવહારમાં કેટલું જરૂરનું અને ઉપયોગી છે? પરંતુ આ બુદ્ધિબળ સહજ પ્રાપ્ત થવું સુલભ નથી. વિચારશક્તિનો વિકાસ થયાવિના વ્યવહારમાં પણ સારા નરસાનો ભેદ અનુભવવો બહુ કઠિન અને દુસ્તર છે. આથીજ સામાન્ય રીતે અશિક્ષિત મનુષ્યોના હાથે સામાન્ય બાબતમાં પણ અનુચિત અવિચારી વર્ત્તન થતું જોવામાં આવે છે. દુનીઆમાં જ્યારે પગલે પગલે બુદ્ધિ, વિવેકની જરૂર છે તો તે કેળવવાના હેતુપ્રતિ દુર્લક્ષ્ય રહેવું એ બાળકોને જડ—પશુ સ્થિતિમાં રાખવા બરોબર છે. વસ્તુ સ્વરૂપ આવું છતાં પણ વિકાસક્રમના હેતુરૂપ કેળવણીના વિષયોપ્રતિ ઘણા મનુષ્યો દુર્લક્ષ્ય કરે છે. જીવન નિર્વાહ સંપાદન કરવા માટે ઉપયોગી માની લીધેલાં સાધનો અને તેને જ લગતા વિષયોના જ્ઞાનનેજ તેઓ પુરતું માને છે, અને તેથી જ ઐહિક સુખી જીવન પરિણમતું તેઓ ધારે છે. પરંતુ વાસ્તવે તે એક મોટી

ભૂલ છે. ભરણ પોષણનાં સાધનો કરવામાં પણ જેજે સાધનો સંપાદન ઉદ્યોગોનો ઉપયોગ કરવામાં આવે તેની, તથા તેમની સ્થિતિ સંયોગોની પસંદગી અને અનુભવમાં પણ બુદ્ધિબળનો તરતમ ઉપયોગ સમાયેલો છે.

---

## श्री संवेगी सत्यविजय पन्यासना शिष्य ।
## मुनि श्री कपूरविजयजीनुं जीवनचरित्र ॥

(લેખક મુનિશ્રી બુદ્ધિસાગરજી.)

**ગુર્જરદેશ, પાટણ.** જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ગુર્જરદેશ છે. ગુર્જરદેશમાં જૈનધર્મની પ્રવૃત્તિ વિશેષતઃ દેખાય છે. અન્ય દેશો કરતાં ગુર્જરદેશમાં જૈનધર્મના સાધુઓ વિશેષતઃ સંપ્રતિ વિચરે છે. જિનમંદિર શ્રેણિથી ગુર્જરદેશ સુન્દર શોભી રહ્યો છે. ગુર્જરદેશમાં પાટણનગર છે, વનરાજચાવડાએ અણહિલ ભરવાડના નામથી સં. ૮૦૨ ની પ્રાય સાલમાં અણહિલપાટણ વસાવ્યું છે. ત્યાં જૈનધર્મી કુમારપાલ રાજા તથા હેમચંદ્રસૂરિ થયા છે, સત્તરસેંની સાલમાં વર્ણન કરનાર કવિ ત્યાં એકશોને આઠ પ્રૌઢજિન પ્રાસાદ હતાં એમ કહે છે, પંચાસરા પાર્શ્વનાથ ચિંતામણિ પાર્શ્વનાથ વગેરે પ્રસિદ્ધ મંદિરો છે, ત્યાંના શ્રાદ્ધવર્યો સત્તર પ્રકારની પૂજા પૂર્ણ ભક્તિથી જિનરાજની કરે છે અને ત્યાં સુપાત્રમાં દાન અર્પતા યાચકવર્ગની આશાઓ પૂર્ણ કરનારા ગ્રહસ્થો ત્યાં વસતા હતા, ખરેખર પાટણ પુણ્યનું સ્થળ લેખાય છે.

**જન્મ ગામ વાગરોડ.** પાટણની પાસે નજીક વાગરોડ ગામ છે. રાજાની પાસે જેમ યુવરાજ શોભે તેમ પાટણનગરની પાસે વાગરોડ ગામ શોભે છે. ત્યાં સર્વ શ્રેષ્ઠિવર્ય શિરોમણી ભીમજીશાહ વસતા હતા. પોરવાડ વંશના હતા. તેમને રાજ્યવર્ગ પણ માન આપતા હતા. ભીમજી શેઠની કુળવંતી સર્વારા નામની સ્ત્રી હતી, સાંસારિક સુખ ભોગવતાં એક પુત્ર થયો. બારમા દીવસે તેનું

**કહાનજી પુત્ર.** નામ કહાનજી પાડ્યું, બાલ્યાવસ્થામાં કહાનજીનાં જનની જનક મૃત્યુ પામ્યાં ત્યારે કહાનજી પાટણ ફુવાને ત્યાં રહેવા ગયા, ત્યાં વ્યાવહારિક વિદ્યાનો અભ્યાસ કર્યો.

કહાનજીની વય ચતુર્દશ વર્ષની થઇ ત્યારે તે સમયે તેમને સદ્ગુરૂનો

**સદ્‌ગુરૂ સમાગમ.** સમાગમ થયો. કાહાનજી અવસર પામી સદ્‌ગુરૂ પાસે ગયો. યથોચિતસ્થાને બેઠા. શ્રી સદ્‌ગુરૂ પણ યોગ્ય જાણી ઉપદેશ આપવા લાગ્યા, હે ભવ્યજીવ, ચોરાશી લક્ષ જીવયોનિ પરિભ્રમણ કરતાં મનુષ્ય જન્મની પ્રાપ્તિ દુર્લભ છે, એકેન્દ્રિયાદિક અવતારમાં જરા માત્ર પણ સુખ નથી. મનુષ્ય-

**સદ્‌ગુરૂનો ઉપદેશ.** પણું પામ્યા છતાં આર્યદેશમાં જન્મ પામવો દુર્લભ છે, તેમાં પણ ઉત્તમ કુળ પામવું દુર્લભ છે. ઉત્તમ કુળમાં ઉપન્યા છતાં પણ નિરોગત્વ પામવું દુર્લભ છે, તેમાં પણ પંચેન્દ્રિય પટુતા પામવી પણ દુર્લભ છે. તેમાં સદ્‌ગુરૂનો સંયોગ થવો દુર્લભ છે. સદ્‌ગુરૂનો સંયોગ થતાં પણ સિદ્ધાંતનું સાંભળવું દુર્લભ છે. કારણ કે સદ્‌ગુરૂની વાણી સાંભળતાં તેરકાઠીયા વિઘ્ન કરે છે. સિદ્ધાંત શ્રવણ કર્યા બાદ તત્ત્વોની શ્રદ્ધા થવી દુર્લભ છે, વીતરાગ કથિત તત્ત્વની શ્રદ્ધા થતાં પણ વિરતિપણું પામવું દુર્લભ છે, કંચન કામિનીના મોહે જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. જડ વસ્તુ ઉપરથી મોહ ઉતર્યા વિના કર્મનો નાશ થતો નથી. મનુષ્ય ધારે તો સંસાર સમુદ્રની પેલી પાર ઉતરી શકે છે, આયુષ્ય ક્ષણે ક્ષણે નાશ પામે છે, માટે જ્યાં સુધી શરીરાદિક સામગ્રીની સગવડતા છે ત્યાં સુધી આત્માની પરમાત્મ દશા પ્રગટાવવા પ્રયત્ન કરવો જોઇએ. ઇત્યાદિ સદ્‌ગુરૂની દેશના સાંભળી કાહાનજીના મનમાં વૈરાગ્ય પ્રગટયો,

**દીક્ષાની તીવ્રેચ્છા.** સંસાર વિષસમાન ભાસવા લાગ્યો, મૃત્યુ બાદ કોઈ સાથે આવનાર નથી, ત્યારે શામાટે સંસારની વસ્તુઓ માટે આયુષ્ય નિષ્ફળ ગાળવું, ખરેખર અસાર સંસારનો ત્યાગ કરવો જોઇએ. આ પ્રમાણે વિચારીને ગુરૂને કહેવા લાગ્યા કે હે ગુરૂજી હવે મને દીક્ષા આપી કૃતાર્થ કરો, શ્રી સદ્‌ગુરૂ કહેવા લાગ્યા કે–હે ભવ્ય સંયમ પાળવું મહા દુર્લભ છે, યુવાવસ્થામાં કામને જીતવો એ કંઇ સામાન્ય કાર્ય નથી. શ્રી સદ્‌ગુરૂની તરવારની ધાર પ્રમાણે આજ્ઞાઓ પાળવી જોઇએ. સર્વ શરીરાદિકની પ્રવૃત્તિ યતનાથી કરવી જોઇએ. અનેક પ્રકારના પરિસહ સહન કરવા પડે છે. માટે હે ભવ્ય દીક્ષા પરિપૂર્ણ વૈરાગ્ય કરીને લેવી જોઇએ, દીક્ષા લીધા બાદ સદાકાળ ચારિત્રમાં સ્થિર રહેવું જોઇએ. સ્વચ્છંદ મતિનો ત્યાગ કરવો પડશે. જો તમારે સંયમની તીવ્રેચ્છા હોય તો સ્વજનની અનુમતિ લેઇને દીક્ષા અંગીકાર કરો, કહાનજી આ પ્રમાણે ગુરૂની વાણી સાંભળી ઘેર આવ્યા. સ્વજનને સર્વ વાત કહી અને સંસારની અસારતા જણાવી દીક્ષાનો

ભાવ જણાવ્યો. અનેક પ્રકારના દૃષ્ટાંતથી સ્વજનને બોધ કર્યો, અને અનુમતિ લેઈ ગુરૂની પાસે આવ્યા, ગુરૂએ પણ યોગ્ય

**દીક્ષા. કપૂરવિજયજી નામ પાડયું.** ચતુર્વિધ સંઘની સમક્ષ સં. ૧૭૨૦ સત્તરસેંવીસના માગસર સુદીમાં વિધિપૂર્વક દીક્ષા આપી વાસ ખેપ કરી કપૂરવિજયજી નામ પાડયું.

શ્રી કપૂરવિજયજી મહારાજ પંચમહાવ્રતનું સમ્યગ્રીત્યા પાલન કરવા લાગ્યા. ગુરૂસાથે પાટણથી અન્યત્ર વિહાર કર્યો. ગુરૂની પાસે આવશ્યક આદિક સૂત્રોનો અભ્યાસ કરવા લાગ્યા. શ્રી વિજયપ્રભસૂરિની આજ્ઞાથી પન્યાસપદ યોગ્ય સમયે ગ્રહણ કર્યું સંવત્ ૧૭૫૭ પોષમાસમાં તેમના ગુરૂ સત્યવિજય પન્યાસનું નિર્વાણ થયું તેમના પટ્ટધર શ્રી કપૂરવિજયજી થયા. વઢીયાર—મારવાડ—ગુજરાત, સોરઠ, રાજનગર (અમદાવાદ) રાધનપુર—સાચોર સાદડી, શોજત, વડનગર, વિગેરે સ્થળે ચોમાસાં કર્યા તેમના વૃદ્ધિવિજયગણિ તથા ક્ષમાવિજય પન્યાસ એમ બે શિષ્યો થયા. વૃદ્ધાવસ્થામાં પાટણમાં ચોમાસાં થયાં અને ત્યાં ઉપધાન માલારોપણ બિંબ પ્રતિષ્ઠા વિગેરે અનેક કૃત્યો કરાવ્યાં.

સંવત્ ૧૭૭૫ ના શ્રાવણવદી કૃષ્ણપક્ષ ચતુર્દશી ભદ્રેવાર પુણ્યેવિજય મૂહુર્તમાં શ્રી કપૂરવિજયજીનું સ્વર્ગગમન થયું. ભક્ત શ્રાવક તથા શ્રાવિકાઓએ નવખંડ માંડવી તૈયાર કરી અને તેમાં ઉક્ત મુનિવરના શરીરને પધરાવ્યું સંઘ ગાજતે વાજતે ચૌટા વચ્ચો વચ્ચ થઈ નિકલ્યો. સોના અને રૂપાનાણું પુષ્કળ ઉછાળ્યું **જય જય નન્દા જય જયભદ્દા** નો આઘોષ થવા લાગ્યો. ગામની બહાર દાહસ્થળે સિબિકા ઉતારી. ચંદન વિગેરેના કાષ્ઠથી શરીરને અગ્નિ સંસ્કાર કર્યો—

બેસ્થુભની પાસે ત્રીજી તેમની થઈ ઉક્તમુનિમહારાજ સ્વભાવે શાન્ત હતા. તેમની પાટે ક્ષમાવિજયજી બિરાજ્યા. આ મુનિરાજે કોઈ પુસ્તક બનાવ્યું હોય તેમ જણાતું નથી. આગમસાર ગ્રંથના કરનાર મુનિ દેવચંદજી તથા કપૂરવિજયજીને ઘણો સંબંધ હતો તેમનું ચરિત્ર, સંવત્ ૧૭૭૯ની શાલમાં વડનગરમાં ચોમાસું કરી, વિજયાદશમી સનિવારને દિવસે પંડિત જીનવિજયજીએ રચ્યું છે, સર્વ મલીને કપૂરવિજયજીનો દિક્ષા પર્યાય ૫૫ વર્ષનો હતો. પૂર્વના મુનિઓ વિશેષ આયુષ્યવાળા હતા હાલના મુનિઓએ આવા ઉત્તમ મુનિવરોનું અનુકરણ કરવું જોઈએ.

ૐ शान्तिःशान्तिः शान्तिः

# શ્રીમહાવીર નિર્વાણ અને દીવાળીપર્વ.

( લેખક. દોશી મણિલાલ નથુભાઇ બી. એ. )

Farewell, fauwell, but this I tell,
To thee, thou wedding guest!
He prayeth well, who loveth well,
Both men and bird and beast;
He prayeth best, who loveth best,
Both things great & small.

Coleridge.

વ્હાલા વીરપુત્રો ? આજે દીવાળી પર્વ અને મહાવીર પ્રભુના નિર્વાણને શો સંબંધ છે તે નિવેદન કરવા અને શ્રી વીરપ્રભુના ઉત્તમ જીવનપરથી આપણે બધાએ શો બોધ ગ્રહણ કરવો જોઇએ, તે વિચારવા આ લેખકની ઇચ્છા છે. દીવાળીનો પ્રસંગ દરેક વર્ષે આવે છે અને ચાલ્યો જાય છે, છતાં તે પ્રસંગ આપણને શું સુચવે છે તેનો વીચાર કરનાર નરો ક્યાં છે ? સારાં ભોજન કરવાં, ફેશનવાળાં અને શુશોભિત વસ્ત્રો ધારણ કરવાં, અથવા અનેક પ્રકારના એશઆરામના અને મોજ વૈભવના પદાર્થો ભોગવવામાંજ લુબ્ધ થવું આ સર્વમાં દીવાળી પર્વનું માહાત્મ્ય આવી જાય છે, એમ જો કોઇ માનતું હોય તો તેમાં તે મનુષ્યની મોટી ભુલ થાય છે. તેવી ભુલ ન થવા માટે દીવાળી પર્વની ઉત્પતિ કેવી રીતે થઇ તેના સંબંધમાં જૈનોની શી માન્યતા છે તે આપણે વિચારી શું. આપણા ચરમ તિર્થંકર શ્રી વીરપ્રભુનો જન્મ ઇ. પૂ. ૫૯૯ માં થયો હતો. જ્યારે તેઓ શ્રી માતાના ઉદરમાં ગર્ભ રૂપે હતા ત્યારથી જ તેમણે એવો નિશ્ચય કર્યો હતો કે જ્યાં સુધી આ મારા માતપિતા મરણ ન પામે ત્યાં સુધી હું દીક્ષા ગ્રહણ કરીશ નહિ, કારણ કે દીક્ષા સર્વ જનને હિતકારી છે એમ શાસ્ત્રકારોએ માનેલી છે, તો પછી જે દીક્ષા માતપિતાના હ્રદયને ઉદ્વેગ પમાડનારી નીવડે તે કેવી રીતે ન્યાયયુક્ત ગણી શકાય ? આવા ઉત્તમ વિચારથી અને અન્ય પુરૂષોને માતપીતાની ભક્તિ કરવાનો ઉત્તમ નમુનો આપી તેઓ ૨૮ વર્ષ પર્યંત ગૃહસ્થાવાસમાં રહ્યા. અને પોતાના ભાઇના આગ્રહથી બે વર્ષ વધારે ગ્રહસ્થધર્મ પાળ્યો,

અને ત્રીસમે વર્ષે તેમણે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી બારવર્ષ સુધી અનેક પ્રકારની બાહ્ય તથા અભ્યંતર તપશ્ચર્યા કરી, વિવિધ પ્રકારના કામ, ક્રોધ, માન, માયા, લોભાદિ માનસિક શત્રુઓનો સંહાર કરી, સાંસારીક પદાર્થોની અસારતા તથા અસત્યતા અનુભવી ધ્યાનમાં મગ્ન થઇ, અંતરમાં આત્માને અનુભવ્યો અને લોકાલોક જણાય એવું પરિપૂર્ણ કેવલજ્ઞાન પામ્યા. સર્વ ભાવને સાક્ષાત્ જાણવા તેજ કેવળ જ્ઞાન છે. આ રીતે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પોતાના જ્ઞાનનો લાભ બીજાને આપવા વાસ્તે તેઓ ગામોગામ વિચર્યા, અને જ્યાં ત્યાં દયાનો ઉપદેશ આપી અનેક પુરૂષોને હિંસક માર્ગથી બચાવ્યા, અને જૈન મતાનુયાયી બનાવ્યા. આ રીતે ત્રીસ વર્ષ સુધી પરોપકારાર્થે પોતાનું જીવન તેમણે પસાર કર્યું. તેમનું જીવન કેવળ નિઃસ્વાર્થી હતું. ૭૨ વર્ષની વયે એટલે ઇ. પૂ. ૫૨૭ માં અપાપા નગરમાં તેઓ આવી પહોંચ્યા. મરણ સમય સમીપ છે, એમ કેવળ જ્ઞાનથી જાણી, વીર પ્રભુએ છેલ્લીવારનો બોધ આપ્યો. અને શુક્લ ધ્યાનની શ્રેણીએ ચઢી ભગવાને કાળ કર્યો. આ સમાચાર આસપાસના ગામના રાજાઓને વિદિત થતાં અઢાર દેશના રાજાઓ પ્રભુના વંદનાર્થે પધાર્યા આ બનાવ આશો વદી અમાવાસ્યાને દિવસે આજથી ૨૪૩૫ વર્ષ પહેલાં બન્યો હતો. તે વખતે ત્યાં જુદા જુદા દેશથી પધારેલા રાજાઓએ નીચે પ્રમાણે વિચાર કર્યો:—

અહો! ભગવંત કેવળજ્ઞાન મૂર્તિ હતા. તેમના મરણથી ખરેખર હવે જગતમાંથી **ભાવજ્ઞાનદીપક** નાશ પામ્યો. માટે ભાવદીપકનું આપણને સ્મરણ થાય માટે હવે દ્રવ્ય દીપક આપણે સળગાવવા જોઇએ; એમ વિચારી તે રાત્રિએ દીપકો પ્રગટાવ્યા, ત્યારથી દીપમાળ (દીવાળી) પ્રવર્ત્યું. એવી જૈનોની માન્યતા છે પ્રિય જૈન બાંધવો! આપણે શ્રીમનમહાવીર પિતાના જીવનની ટુંકનોંધ ઉપર લીધી, પણ તેમના જીવન ચરિત્ર ઉપરથી આપણે શું શિખવું જોઇએ, એ જ્યાં સુધી આપણા સમજવામાં બરાબર ન આવે ત્યાં સુધી એ જીવનની આપણા જીવન ઉપર અસર થઇ શકે નહિં. માટે હવે તેમાના ચરિત્રમાંથી લેવાં જોઇતાં શિક્ષણો અને હાલના જૈનોએ કરવાં જોઇતાં કર્તવ્યો એ પ્રશ્ન આપણે યથાર્થ રીતે વિચારીશું.

## સમભાવ.

મહાવીર પ્રભુના જીવનનું સૂક્ષ્મ રીતે અવલોકન કરતાં, અને તે ઉપર બારીક વિચાર કરતાં, તેમના જે ઉત્તમગુણો આપણી આંખ આગળ તરી આવે છે, તેમાં મુખ્ય ગુણ તેમનો સમભાવ—સમાનદૃષ્ટિ છે. તેમની સમાન

દષ્ટિના અનેક દાખલા આપી શકાય. પણ આપણે અત્રે એકજ દાખલો આપી ચલવીશું. દ્વેષ કરવાની બુદ્ધિથી પગને અડકનાર ચંડકૌશિકનાગ તરફ તેમજ નમન કરવાની બુદ્ધિથી પગને માથું અડકાવનાર ઇન્દ્ર તરફ પણ જેની સમાન બુદ્ધિ છે તે વીર પ્રભુની સમભાવ દષ્ટિ ખરેખર પ્રશંસનીય તેમજ અનુકરણીય છે. કેવળ તેમનું જીવન અનુકરણીય છે, એટલું જ નહિ પણ તેમણે તે પ્રકારનો બોધ પણ આપ્યો છે, જે બોધ કોઈ આચાર્યે સંબોધ સીત્તેરીમાં પ્રકટ પણ કર્યો છે.

सेयंवरो वा आसंवरोवा
बुद्धोऽन्नो अथवा कोवा
समभाव भावि अप्पा
लहइ मुक्खं न संदेहो ॥ १ ॥

કોઈ મનુષ્ય શ્વેતાંબર હોય કે દિગંબર હોય, બૌદ્ધ હોય કે અન્યધર્મી હોય, પણ જેના આત્મામાં સમભાવ વસેલો છે, તે મુક્તિ મેળવશે એ નિઃસંશય છે. વળી ઉપદેશ તરંગિણીમાં એક આચાર્ય લખે છે કે " શ્વેતાંબર કે દિગંબરમાં, પક્ષવાદમાં કે તર્કવાદમાં મુક્તિ નથી, કષાયથી મુક્ત થવું એ જ મુક્તિ છે, અને કષાયથી મુક્ત થવાનું કામ દરેક આત્મા કરી શકે એમ છે." આ રીતે જૈન આચાર્યે એ વીર પ્રભુને પગલે ચાલી સમાનદષ્ટિ રાખવાનો બોધ આપ્યો છે.

## કરૂણા.

બીજો મહાન્ ગુણ જે શ્રી વીરપ્રભુનો છે, અને જેની તુલના આ જગતમાં થઇ શકે તેવી નથી, તે કરૂણાનો મહાન્ ગુણ છે. જગતમાં જેટલા મહાન્ પુરૂષો થઇ ગયા, તે સર્વ કરૂણાના ગુણને લીધે જ પ્રસિદ્ધ થયા છે. સર્વ ગુણોના આધારભૂત તે કરૂણાનો ગુણ ભગવાનમાં કેટલે અંશે પ્રકટ થયો હતો, તેનો ખરો ખ્યાલ તો શી રીતે આ શબ્દોદ્વારા આપી શકાય? છતાં ટુંકમાં એક નાનું દષ્ટાંત આપી તે બતાવવા બનતો પ્રયત્ન કરીશું.

એક સમયે પેઢાલ નામના ગામ સમીપે વનમાં શ્રી મહાવીર પ્રભુ કાયોત્સર્ગ કરી ધ્યાનમાં મગ્ન થયા હતા. તેઓ શ્રીની ધ્યાનની સ્થિરતા અને મનની દઢતા અવધિજ્ઞાનથી નિહાળી દેવાધીશ ઇંદ્ર પોતાની સભામાં તેમની પ્રશંસા કરી, ત્યાંથીજ તેમને નમસ્કાર કરી અને બોલી ઉઠયો કે " અહા! મહાવીર પ્રભુનું ધૈર્ય કેટલું અનુપમ છે? તેમના મનની સ્થિરતા કેટલી અ-

સાધારણ છે ? તેમની વિચાર શ્રેણી કેટલી ઉચ્ચ છે ? ધન્ય છે તે પ્રભુને ! જગતમાં કોઈ એવો દેવ કે મનુષ્ય નથી કે જે આ પ્રભુની સમાધિનો ભંગ કરી શકે ?

આ પ્રશંસાના શબ્દો એક સંગમ નામના ક્ષુદ્ર દેવને અતિશયોક્તિ ભરેલા લાગ્યા. અને તે **પ્રભુની** કસોટી કરવાને ત્યાંથી ચાલી નીકળ્યો જગતમાં પ્રાણી માત્રને હેરાન કરી શકાય સંતાપી શકાય અને ઉદ્વેગ પમાડાય તેવા દરેક સાધનોથી તેણે પ્રભુને સંતાપવામાં જરા પણ કચાશ રાખી નહિ. કોઈ કટ્ટા શત્રુ પણ જેવાં કામ ન કરે તેવા નિર્દય અને ત્રાસ ઉપજાવનારા ઉપદ્રવો શ્રી વીરપ્રભુ ઉપર તેણે કર્યા. આથી જ્યારે તે ન ફાવ્યો અને પ્રભુના મનની નિશ્ચળતામાં જરા પણ ભંગ ન થયો ત્યારે તેણે પ્રભુને મોહ ઉપજે એવા શૃંગારાદિ પ્રયોગો અજમાવ્યા. પણ જળ ઉપર થતા પ્રહારની માફક તેની સઘળી કોશીસો વ્યર્થ ગઈ, આ રીતે એક બે દિવસ નહિ પણ છ માસપર્યંત શ્રી વીરપ્રભુને તેણે હરેક પ્રકારના ઉપસર્ગો કર્યા. પણ પ્રભુ તે પ્રભુજ રહ્યા. તેમનો પ્રભાવ જરા પણ ડગ્યો નહિ, છેવટે તે અધમ દેવ પ્રભુને નમસ્કાર કરી ચાલ્યો ગયો.

બંધુઓ ! આ સમયે પ્રભુના દીલમાં કેવા ઉમદા વિચારો જન્મવા પામ્યા હતા તેનો કદાપિ તમે ખ્યાલ પામ્યા છો ? પ્રભુની તે સમયની વિચાર શ્રેણીનું રહસ્ય સમજવા તમે કદી પ્રયત્ન કર્યો છે ? જો આ બાબતમાં તમે અજાણ્યા હો તો મારી સાથે તમે વિચાર પ્રદેશમાં ચાલો અને હું તે વખતના પ્રભુના હૃદયનું સંપૂર્ણ ચિત્ર તમારી મનઃચક્ષુ આગળ રજુ કરીશ.

કરુણા મૂર્તિ શ્રી વીરપ્રભુએ સંગમ દેવના સંબંધમાં જે ઉદ્ગાર કાઢ્યા હતા તે દરેક માનવે હૃદયમાં કોતરી રાખવા જેવા છે. તેમણે તે વખતે વિચાર્યું હતું કે અહો ! નિષ્કારણ બીજા જીવોને દુઃખ આપનાર આ બિચારા જીવની શી ગતિ થશે. ખેદની વાત છે કે મારા જેવા જીવો જેમને બીજા જીવોનું હિત કરવાનું છે અને બીજા જીવોને દુઃખથી મુક્ત કરવાનું છે, તેવાઓ પણ આવા જીવોના ક્રુર આચરણથી તેમનું હિત કરી શકતા નથી. મારા મનમાં એજ સ્ફુરી આવે છે કે મારા હાથે તેનું હિત થવું જોઈએ. પણ તેમ થવાને બદલે મને દુઃખ આપવાના તેના ઘાતકી વિચારો અને કર્મોને લીધે તે કર્મથી બંધાયો છે. ખરેખર મને અફસોસ ઉપજે છે કે આ બિચારા જીવનું હું આ અવસરે કાંઈ પણ હિત ન કરી શક્યો." આવા વિ-

ત્યારે તેમના હૃદયમાં સ્ફુરતાં તેમની આંખમાંથી અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો અને આ કારણથીજ સકલાર્હતમાં શ્રી વીરપ્રભુની સ્તુતિના સંબંધમાં લખાયેલું છે કે—

कृतापराधेऽपि जने,
कृपामंथरतारयोः;
ईषद् बाष्पार्द्रयोर्भद्रं,
श्रीवीरजिननेत्रयोः

અપરાધ કરવાવાળા જીવો ઉપર પણ દયાથી નમ્ર અને અશ્રુથી આર્દ્ર એવા શ્રીવીરભગવાનનાં નેત્રો સર્વને કલ્યાણકારી થાઓ.

હવે જૈનોનું તે ઉપરથી શું કર્ત્તવ્ય છે, તે વિચારીએ. જો કે છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી તો વર્ષની છેલ્લી તીથીએ આ દેહનો ત્યાગ કરી પોતાના આત્મ સ્વરૂપમાં મળી ગયા; તોપણ તેમણે જે અમૂલ્ય જ્ઞાન આપ્યું છે, અને પોતાના પરોપકારી જીવનથી જે ઉમદા ગુણોનો નમુનો બતાવ્યો છે, તે જ્ઞાન તથા ગુણો ઉપરથી આપણી શી ફરજ ખડી થાય છે, તે વિચારવા જેવું છે. વ્યાપારી દરરોજ સાંજરે પોતાના લેવડ દેવડનો હિસાબ કરી નફો થયો કે નુકશાન થયું, તે શોધી કાઢે છે; અને દીવાળીએ આખા વર્ષમાં શો લાભ મળ્યો કે શું હાનિ થઇ તેનો બરોબર હિસાબ કરી નવા વર્ષમાં દાખલ થાય છે. મહાવીર ભગવાનને પણ આ સંસાર રૂપી વ્યાપારની પેઢીમાંથી વર્ષની આખરે ( આસો મહિનાની અમાવાસ્યાએ ) આત્મ નિરીક્ષણ કરતાં ( હિસાબ ) કરતાં જણાયું કે જ્ઞાનદર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નનો લાભ મળ્યો છે. જે વસ્તુ મેળવવાની હતી, તે મળી ગઇ; આ સંસારમાં પોતાને જે સાધવાનું હતું, તે સાધી લીધું. ત્યારે જૈનો જે તે મહાન્ ગુરૂના અનુયાયીઓ કહેવરાવે છે, તે વીરના પુત્રોનો મોટો ઇલકાબ ધારણ કરવાને માગે છે, તેઓએ પણ આખા વર્ષની અંદર આત્મમાર્ગમાં કેટલો પ્રયાસ કર્યો, તે વર્ષની આખરે વિચારવું એ જરૂરનું છે. જૈનકોમ વ્યાપારને માટે મશહૂર છે. એક પાઇનો હિસાબ ન મળતો હોયતો અર્ધરાત્રી સુધી દીવો બાળે, પણ તે હિસાબ મળે ત્યારે જ સંતોષ પામે, તો પછી વર્ષની આખરે ( દીવાળીના પવિત્ર દિવસમાં ) પોતે કયા ગુણોમાં વૃદ્ધિ કરી ? પરોપકાર, દયા, સહનશીળતા જીતેંદ્રિયપણું આ મોટા ગુણો જે તે મહાવીર પ્રભુના સહજ ગુણો હતા, તે ગુણોમાંથી કયા પ્રાપ્ત કર્યા ? કયા મેળવવાને

પ્રયત્ન કર્યો ? અથવા પોતાના ક્યા દોષો દૂર કર્યાં ? અને ક્યા દોષો દૂરકરવાને, પ્રયત્ન કર્યો ? આ પ્રમાણે દરેક જૈને વિચારવાની જરૂર છે. જે વ્યાપારમાં નુકશાન થાય તે વ્યાપાર ક્યો દીર્ઘ દ્રષ્ટીવાળો સજ્જન કર્યા કરે ? આપણે પણ બીજું વર્ષ શરૂ કરીએ, નવા વર્ષમાં જોડાઇએ તે અગાઉ પોતાના ગુણ દોષનું મનની સાથે વિવેચન કરવું જોઇએ. પોતાનામાં જે ગુણો જણાતા હોય તે રૂપી મુડીથી, અને જે દોષ જણાતા હોય તે રૂપ દેવાથી બીજું વર્ષ શરૂ કરવાનું છે. અને જેવી રીતે વ્યાપારી દેવું ટાળવાને અને મુડીમાં વૃદ્ધિ કરવાને સતત પ્રયાસ કરે છે, તેવી રીતે આપણે પણ આત્માના ઉચ્ચ અને ઉમદા ગુણો મેળવવાને અને દોષ રૂપ દેવું ટાળવાને કમર બંધ થવું જોઇએ કે જેથી કરી તે વર્ષના આખરે ગુણ દોષનું સરવૈયું (Balanace-Sheet) કાઢતાં આપણે આનંદ પામીએ કે પરોપકારમાં દયાના કામમાં ઇંદ્રિઓપર જય મેળવવામાં, સહનશીળતામાં મનનું સમાધાન પણું જાળવવામાં આગળ વધ્યા છીએ અને કલહ કુસંપ, પારકી નિંદા, બીજાનું બુરૂં કરવાના વિચાર, **ક્રોધાદિ** દેવું હતું, તે વાળી દીધું છે, બીજા શબ્દોમાં કહીએ તો તે દુર્ગુણોની જાળમાંથી મુક્ત થયા છીએ. મહાવીરનું જીવન આ પ્રમાણે આપણને પ્રતિબોધ આપે છે, અને જૈનો એ, તેમજ દરેક મનુષ્યે આ કીંમતી બોધ વિચારી વર્ષ આખરે નાણાં સંબંધી સરવૈયું કાઢવાની સાથે, પોતાના ગુણ દોષોનું નિરીક્ષણ કરવું, એ દરેક મનુષ્યને અતિ જરૂરનું છે. અને તે જરૂર દરેક મનુષ્ય સ્વીકારે, એજ મારી પરમાત્મા પ્રતિ અંતઃકરણની પ્રાર્થના છે.

---

# અથ શ્રી સોમ સોભાગ્ય કાવ્યના ગુજરાતી ભાષાંતરના સંબંધમાં કેટલાક વિચાર.

( લેખક. રા. રા. શાહ. ગીરધરલાલ હીરાભાઇ )

( અંક સાતમાના પાને ૨૧૯ થી અનુસંધાન )

સોમસુંદરસૂરિ તથા તેમના શિષ્ય મુનિસુંદરસૂરિ વીશે કેટલીક હકીકત જૈન તત્વાદર્શ ગ્રંથમાં લખેલી છે તે આ કાવ્યમાં નથી, માટે ત્યાંથી જોઇ લેવી.

દસમા સર્ગમાં લક્ષ્મીસાગરસૂરિ અને સોમદેવસૂરિ કહેલા છે, એ

બન્ને મહાન્ પુરૂષો સહકાળીક હતા. આબુજી ઉપર અચળગઢના મુખ્ય દેહરામાં જે ધાતુ વીગેરેની પ્રતિમાઓ છે તેમની જાત્રા મેં સંવત ૧૯૪૧ માં કરી હતી ત્યારે મેં જે નુંધ કરેલી તેમાંથી જણાય છે કે, એ દેહરામાં ઉત્તર દ્વારે મુળ ગભારે રીખવદેવસ્વામીની મોટી ધાતુની પ્રતિમા અને તેની દરેક બાજુએ એકેક કાઉસગીઆની પ્રતિમા છે. એ મોટી પ્રતિમાની પલાંઠી નીચે લેખ સંવત ૧૫૬૬ ના ફાગણ સુદ ૧૦ નો છે, અને રાજા જગમાલના રાજ્યે તે થએલો જણાય છે. એ ગભારાની અંદર ડાબી બાજુએ ચાલતાં એટલે બીજા દ્વારે ધાતુની પ્રતિમા અને બે કાઉસગીઆ છે. તેમાં પ્રતિમાની પલાંઠી નીચે લેખ છે તે નીચેની મતલબનો છે—"સંવત ૧૫૧૮ વૈશાખ વદ,

૪ દીને મેદપાટ (મેવાડમાં) શ્રી કુંભલમેરૂ મહાદુર્ગે રાજાધીરાજ શ્રી કુંભકર્ણવિજય રાજ્યે તપાપક્ષી શ્રી સંઘ કારીતે શ્રી અર્બુદાની પિત્તલમય પ્રૌઢ શ્રી આદીનાથ મુળ નાયક પ્રતિમાલંકૃતે ચતુરમુખ પ્રાસાદે દ્વિતિયાદિદ્વારે સ્થાપનાર્થં, શ્રીતપાપક્ષીય શ્રીસંઘેન શ્રી આદીનાથ બીંબ કારીત ડુંગરપુર નગરે રાવળ સોમદાસ રાજ્યે ઉશવાલ શા. ભાભા કર્માદિ પુત્ર માસસા. લક્ષ્મીસાગરસૂરિએ, સોમદેવસૂરિ વીગેરેના પરીવારથી

પ્રતિષ્ઠા કરી" ત્રીજી બાજુએ (ત્રીજાદ્વારે) મોટી ધાતુની પ્રતિમા છે અને પડખે એક ધાતુની તથા એક પાષાણની પ્રતિમા છે. પડખાની ધાતુની પ્રતિમાની પલાંઠી નીચે સંવત ૧૫૬૬ નો લેખ છે. મુળ નાયકની પ્રતિમાની પલાંઠી નીચે સંવત ૧૫૧૮ નો લેખ છે, અને તે ડુંગરપુરમાં ભરાયેલી અને તેની પ્રતિષ્ઠા લક્ષ્મીસાગર સૂરિએ કરેલી છે. ચોથી બાજુએ (ચોથાદ્વારે) ત્રણ પ્રતિમાઓ ધાતુની છે. મુળ નાયક અને તેમને પડખે એકેક પ્રતિમા પેલી પડખાની પ્રતિમાની પલાંઠી નીચે સંવત ૧૫૬૬ નો લેખ છે. મુળનાયકની પલાંઠી નીચે સંવત ૧૫૨૯ નો લેખ છે અને બીજા પડખાની પ્રતિમાની પલાંઠી નીચે સંવત ૧૫૬૬ નો લેખ છે. આ દેહરામાં ગભારાનાં ચાર દ્વાર હતાં તેમાં ત્રણ પુરેલાં છે.

આ સ્થળે ઉપરની બીના દાખલ કરવાના બે હેતુ છે. પેલો હેતુ, એવુ દેખાડી આપવા માટે છે કે, પાછળ કહ્યા છે તેજ લક્ષ્મીસાગરસૂરિ અને સોમદેવસૂરિ એ દેહરાના દ્વિતિયાદિ દ્વારની મુળનાયકજીની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરનારા સંવત ૧૫૧૮ માં વિચરતા હતા. બીજો હેતુ, અત્રે પ્રસંગ મળ્યો તેથી એ દેહરાના ચારે દ્વારની મુળ નાયકજીની પ્રતિમાઓની સ્થાપના વિષે જે વિલક્ષણપણું મને દેખાયુ છે તે બતાવી આપવા માટે છે. પેલાદ્વારે—મુળ નાયકજીની

પ્રતિમા સંવત ૧૫૬૬ ની બીજાદ્વારે—સંવત ૧૫૧૮ ની ત્રીજા દ્વારે સંવત ૧૫૧૮ ની અને ચોથાદ્વારે—સંવત ૧૫૨૯ ની છે. હવે આવા ચોમુખજીના દેહરામાં એકી વખતે ચારે બાજુએ પ્રતિમાઓ પધરાવવાનો રીવાજ છે તે મુજબ એ દેહરામાં કેમ નહીં થયુ હોય, તે વિચારવા જેવી વાત છે. જો તે પાષાણુની પ્રતિમાઓ હોત અને સંવતનાં વરસ જુદાં જુદાં હોત તો કાંઇ અચંબો પામવા જેવુ નોતુ. પણ ધાતુની મોટી પ્રતિમાઓ તે છે, અને તે ભરાવવાને તથા તે સમયનો દેશકાળ જોતાં, અચળ ગઢ જેવી વિકટ જગ્યાએ, તે આંતરે આંતરે લેઇ જવી, અને તેની પ્રતિષ્ઠા કરાવવી એ વિગેરે બાબતોનો તથા પ્રથમ કેવી પ્રતિમાઓ તે સ્થળે હશે, અને આંતરે આંતરે તે કેમ ફેરફાર કરવો પડી હશે તે મારી કલ્પનામાં આવતું નથી.

જુનાગઢના માંડળીક રાજાને અમદાવાદના સુલતાન મહમદ બેગડાએ ઈ. સ. ૧૪૭૨–૭૩ (સંવત ૧૫૨૮–૨૯ ) માં તાબે કરી તે શહેર લીધું. ( રાસમાળા પાનુ ૨૭૪ એદલજીનો ઇતિહાસ પાનુ ૮૬ ) એજ સુલતાને, ચાંપાનેર લીધુ તા. ૧૭ નવેંબર સને ૧૪૮૪–સંવત ૧૫૪૧ પોસ સુદ ૩ રવીવાર ( રાસમાળા પાનુ ૨૮૬ ) અને ત્યાંના રાજા જયસિંહને પાછળથી મારી નાંખ્યો. ( એદલજીનો ઇતિહાસ પાનુ (૮૯.)

ઉપર કહ્યા પ્રમાણે સંવત ૧૫૨૫ સુધી મેવાડનો કુંભારાણા સંવત ૧૫૨૮–૨૯ સુધી જુનાગઢનો માંડલીક રાજા, અને સંવત ૧૫૪૧ સુધી ચાંપાનેરનો જયસિંહરાજા હૈઆત હતા. અને લક્ષ્મીસાગરસૂરિ અને સોમદેવસૂરિ સંવત ૧૫૧૮ માં પ્રતિષ્ઠા વખતે અચલગઢમાં વિદ્યમાન હતા. હવે એ સોમદેવસૂરિ અને એ ત્રણે રાજાઓને સમાગમ થયા મતલબનું આ કાવ્યમાં કહ્યું છે તે તેમનો સમય આપણને માલમ પડવાથી વધારે ખાત્રી વાળુ થાય છે.

પાછળ મેં જે વિવેચન કર્યુ તે શિવાય આ દસમાસર્ગમાં કહેલા બીજા બધા મુનિ વિગેરે ને માટે લખવા જેવા આધાર મને મળ્યો નથી; કોઇકના માટે પટ્ટાવળીમાં લખાણ છે ખરું; પણ એ સંબંધમાં હવે વધારે લંબાણ કરવું હું બંધ રાખું છું.

આ કાવ્ય, તેના ભાષાંતર સાથે પ્રસિદ્ધ થવાથી, આપણને જાણવા જેવું ઘણું મલ્યું છે, તેથી તેના પ્રસિદ્ધ કરનારાઓનો આપણે આભાર માનીશું. પણ ભાષાંતર કરનારે—અને તે તપાસનારે અને પ્રૂફ સુધારનારે જરા વધારે શ્રમ લીધો હોત તો કામ સારૂં દીપી ઉઠત. ભાષાંતરમાં કઠણ સંસ્કૃત શબ્દો આવ્યા છે તે વિગેરે કારણથી સાધારણ ભણેલા તેનો લાભ લેઈ શકશે એ બાબત મને સંદેહ રહે છે.

ગુજરાતી વાંચનારનો ઘણો મોટો ભાગ સંસ્કૃત ભાષાથી અજાણ છે; એટલે ગુજરાતી ગ્રંથમાં અઘરા અને અજાણ્યા સંસ્કૃત વિગેરે શબ્દો દાખલ કરી જેઓ ગ્રંથ બહાર પાડે છે તેઓનો શ્રમ મારા વિચાર મુજબ સફળ થતો નથી. ગ્રંથની ભાષા સરળ ના હોય તો તેનો લાભ ઘણા લોકો લેઇ શકતા નથી. લોક વ્યવહારમાં વપરાતી ભાષામાં લખેલા ગ્રંથોનો ઘણો આદર થાય છે તે ઉઘાડી વાત છે. પાદરી લોકો પોતાના ધર્મજ્ઞાનનો ફેલાવો કરવા સરળ ગુજરાતીમાં ગ્રંથો રચીને બહાર પાડે છે તેથી તેમનો હેતુ બર આવે છે. મારો એવો અભિપ્રાય છે કે બનતા સુધી ગ્રંથ રચનામાં સાદા અને સહેલા શબ્દો વાપરવા, વાક્ય રચના ટુંકા રાખવી, અને ખપ જોગ અલંકાર વાપરવા, તેથી ખુબ ખુબી આવે છે. પરંતુ પર અને સ્વ-ભાષાના અઘરા અને બોલતાં બહુ જોર આવે એવા શબ્દોનાં બનેલ લાંબાં વાક્યોથી, અને ડગલે ડગલે અલંકાર વાપરવાથી, તેવી મઝા આવતી નથી. નીતિદર્પણ બનાવનાર, તેના પ્રસ્તાવનામાં એક ઠેકાણે આમ લખે છેઃ—
" આ પુસ્તકમાં ( નીતિ દર્પણમાં) લખેલ વાક્યો તદન સાદી અને શેહેલી
" ભાષામાં લખવામાં આવેલ છે એટલે એક સાધારણ ભણેલો માણસ
" પણ સહેલાઇથી તે વાંચી તથા સમજી શકે છે. થોડાજ વખત ઉપર
" સુરતના કલેકટર મે. લેલી સાહેબે, **ગુજરાતી ભાષા ગુજરાતીઓ બ-**
" **ગાડે છે,** એ વિષે એક વિસ્તારથી અમદાવાદ મુકામે ભાષણ આપ્યું હતું
" તેમાં તેઓ સાહેબે જણાવ્યું હતું કે ગુજરાતી જાણનારા પોતાની ભાષા
" કોણ જાણે કે અપ્રિયતાના સબબથી કે બીજા કોઈ કારણથી પરભાષાના
" શબ્દો દાખલ કરી એવી તો બગાડી મુકે છે કે જેમ કરવાની અમારી
" ઇંગ્રેજી ભાષામાં સખત મનાઇ છે આ કહેવું તેઓ સાહેબનું કાંઇ ખોટું
" નથી કેમકે હાલના લેખકોની પદ્ધતિ જોઇએ તો " તેમાં પરભાષાના
" શબ્દો નહીં આવ્યા હોય તેવી થોડીજ હશે."

આ પ્રમાણે પરદર્શન વાળાઓનું કહેવું છે. હવે એ સંબંધમાં આ-પણા જૈનદર્શનમાં કાંઇ જાણવા જેવું બનેલું છે કે કેમ તેનો વિચાર કરીએ. પ્રબંધચિંતામણિ ગ્રંથ (ગુજરાતી) માં પાને ૨૮ માં વૃદ્ધવાદિ આચાર્જ અને તેમના શિષ્ય સિદ્ધસેન દિવાકરજી વચ્ચે જે વાત થએલી તે આ પ્રમાણે લખી છેઃ—" એક દિવસ સિદ્ધસેન દિવાકર મહારાજ ગુરૂને કહેવા લાગ્યા કે
" તીર્થંકરે અર્ધ માગધી ભાષામાં અર્થથી કહેલાં અને ગણધર મહારાજે ગુંથે-
" લાં સકળ સિદ્ધાંતોને હું સંસ્કૃત ભાષામાં કરૂં. શિષ્યનું વચન સાંભળી આશ્ચ-
" ર્યથી ગુરુ બોલ્યા અરેરે! તીર્થંકર મહારાજની તેં મોટી આશાતના કરી માટે તારે

" તેનું આલોયણ ( પ્રાયશ્ચિત ) કરવું પડશે. શિષ્ય બોલ્યા, જેમ ગુરૂ માહા-
" રાજની આજ્ઞા હોય તેમ કરૂં ગુરૂએ કહ્યું. પારાંચિક ( બાર વર્ષ તપ
" સહીત તિર્થ યાત્રા ) વ્રત તથા એક મોટા રાજાને બોધ કર "

ઉપલી વાત બાબત સમકીત શીતેરી નામે ગ્રંથમાં ( જૈન કથારત્ન કોષ ભા ૩ પા. ૨૫૯ માં ) આમ લખ્યું છે. " એકદા સિદ્ધસેન સૂરિ અ-
" હંકારમાં મગ્ન થયા થકા શ્રી સંઘને કહેવા લાગ્યા કે તમે કહો તો સર્વ
" સિદ્ધાંતની પ્રાકૃત ભાષા ટાળીને સંસ્કૃત કરૂં કે લોક આપણને હશે નહિ.
" તે સાંભળી શ્રી સંઘે કહ્યું કે તમોને પ્રાયશ્ચિત ઉપન્યુ કારણ ગણધર દે-
" વમાં સંસ્કૃત ભાષા કરવાની શક્તિ હતી તથાપિ લોકોપકારને અર્થે સિ-
" દ્ધાંતો પ્રાકૃત ભાષામાં કર્યા છે તેથી શ્રી તીર્થંકરની તથા ગણધરની આ-
" શાતના તમે કરી માટે તમોને પારાંચિક નામે પ્રાયશ્ચિત ઉપન્યુ તેથી
" કેમ છુટશો ? "

ચતુર્વિંશતિ પ્રબંધમાં ( ગુજરાતી ભાષાંતરમાં ) વૃદ્ધવાદી અને સિ-દ્ધસેનનો પ્રબંધ છે તેમાં સહરણ બાબત આવું લખાણ છે:–" એક વાર
" સિદ્ધસેને સંઘ ભેગો કરીને કહ્યું કે હું બધાં આગમોને સંસ્કૃત ભાષામાં
" કરી નાખું છું. તમારી શી મરજી છે ? સંઘે કહ્યું શ્રીમાન તીર્થંકરો સં-
" સ્કૃત ભાષા નહોતા જાણતા શું ? તેમ ગણધર પણ નહોતા જાણતા ? કે
" તેમણે " અર્ધ માગધીથી આગમ રચ્યાં માટે આવું બકવાથી તમને બહુ
" પ્રાયશ્ચિત લાગ્યું. એમાં અમારે તમને શું કહેવા જેવું છે ? તમે બધું
" જાણો છો. "

હવે આ સિદ્ધસેન દિવાકરજી વિક્રમ રાજાના વખતમાં થયા અને જૈન સંપ્રદાયમાં નામાંકિત છે. તેમના સંબંધની જે બીના ઉપર લખી તેનો સાર એ લેવાનો છે કે લોકોને જાણપણું થવા માટે ગ્રંથ પ્રસિદ્ધ કરવા હોય તો તેની ભાષા સરળ કરવી. તીર્થંકર ભગવાન અને ગણધર માહારાજથી વિ-દ્યામાં કોઇ ચઢીઆતું નથી અને જ્યારે તેમણેજ સરળ અને લોકમાં ચાલતી ભાષામાં શાસ્ત્ર પરૂપ્યાં અને રચ્યાં હતાં ત્યારે બીજાએ ભાષામાં જાણીજોઇને અઘરા અને બોલતાં બહુ જોર આવે એવા શબ્દો દાખલ કરવાની ટેવ પોતાથી બનતુ કરીને છોડી દેવી જોઇએ. એવા શબ્દો દાખલ કરવાથી ભાષા સુધરે છે અને ગ્રંથ બેશ દેખાય છે એવુ માનવું મને ઠીક લાગતું નથી. કદી કોઈ કારણસર લખાણમાં કઠણ શબ્દ દાખલ કરવો પડે તો તેનો અર્થ તુ-રત બતાવી દેવો કે વાંચનારને અગવડ પડે નહી. પુર્વકાળે સંસ્કૃત ભાષામાં

ઘણા લખનારાઓને અલંકારો બેહદ વાપરવાનો શોખ હતો. પણ હાલ અંગ્રેજી વિદ્યાના પ્રચારથી જમાનો ફરી ગયો છે તે વાત પણ ધ્યાનમાં રાખવાની છે. જ્યારે લખાણમાં ઘણા અલંકારો ડગલે ડગલે આવે છે ત્યારે કમાડ કરતાં ફુલાઓ ભારેવ થઇ ગયા જેવું દેખાવ છે. હવે કેટલેક અંશે આ ટીકા આ કાવ્યના ભાષાંતરને લાગુ પડે છે ખરી. માટે મારે કહેવુ જોઇએ કે આવા ગ્રન્થનાં ભાષાંતર કરનાર કે કરાવનારે હાલના જમાનાને બંધ બેસે તેમ કરવાની પેરવી રાખવી જોઇએ. આવા ગ્રન્થોનાં ભાષાંતર તેમના અસલ રચનાની ઢબ પ્રમાણે મારા વિચાર મુજબ થવાં જોઇએ નહીં. પણ ગ્રન્થમાં સમાએલી બાબતોનો આધાર લેઇ લેખક ગ્રંથના મતલબ અને ગ્રંથમાં સમાએલા વિચારો પોતાની સરલ ભાષામાં લખવા જોઇએ, એટલે મતલબ પાર પડશે અને વાંચનારને ઓહોળુ જ્ઞાન થશે. આપણામાં કવિતાના જે ગ્રન્થો રાસ ચોપાઇ કે પ્રબંધના નામથી ઓળખાય છે તેમની રચના મુગ્ધ માગધી ( પ્રાકૃત ) કે સંસ્કૃત ગ્રંથો ઉપરથી થએલી છે. પણ તે ભાષાંતરના રૂપે નથી. અને તે નમુના પ્રમાણે ઉપર બતાવ્યા મુજબ સરલ ગદ્યમાં લખવાનુ થાય તો ઘણું સારૂ.

---

# નવીન વર્ષનુ અભિવંદન.

## શાર્દુલ.

થાજો જીવન ઉચ્ચ શાંત મૃદુને અધ્યાત્મ જ્ઞાને ભર્યું,
પામો સદ્ગુરૂનું કૃપાવચન જે સંપૂર્ણ પ્રેમે મળ્યું.
ધારો પ્રેમ ધરી પ્રભુ પ્રણિત તે, સદ્ધર્મના મર્મને
પામો સર્વ અખંડ "મુક્તિ" સુખડાં મીઠાં નવા વર્ષમાં.

જ્ઞાન નહી અધ્યાત્મસમ મુક્તિ સમ નહી સુખ.
હ્હેર અલખ સમ કો નહી ચઢે કેફ અદ્ભુત.
ગુરૂ બુધ્ધિબ્ધિ સમ નહિ—દેવ સમા જીનરાજ.
એ સૌ વાનાં પામજો નવીન વર્ષ મોઝાર

સદ્ગુરૂ ગુણાનુરાગી,

**મણીલાલ મોહનલાલ વકીલ.**

"પાદરાકર"

# લવાજમની પહોંચ.

રા. રા. નાનાલાલ જગજીવનદાસ
રા. રા. છગનલાલ હરીશીંગ
રા. રા. છગનલાલ નહાનચંદ
રા. રા. કેશવલાલ ચુનીલાલ
રા. રા. ચુનીલાલ સુરચંદ
રા. રા. ભોગીલાલ કાલીદાસ
રા. રા. પુરસોત્તમ અમીચંદ
રા. રા. મોહનલાલ ચુનીલાલ
રા. રા. બાપાલાલ નહાલશા
રા. રા. જગાભાઇ ફુલચંદ
રા. રા. શકરચંદ હીરાચંદ
રા. રા. ગીરધરલાલ પ્રેમચંદ
રા. રા. ગીરધરલાલ નથુભાઇ
રા. રા. બબલદાસ લલ્લુભાઇ
રા. રા. માધવલાલ અમથાલાલ
રા. રા. ગોપાલદાસ ચુનીલાલ
રા. રા. ડાહ્યાભાઇ મુલચંદ
રા. રા. મફતલાલ જેચંદ
રા. રા. જીવણભાઇ પ્રેમચંદ
રા. રા. કાલીદાસ કસ્તુરભાઇ
રા. રા. બાદરભાઇ ઝવેરચંદ
રા. રા. મોહનલાલ વખતચંદ
રા. રા. મનસુખલાલ ગુલાબચંદ
રા. રા. છોટાલાલ જેશીંગભાઇ
રા. રા. ઘેલાભાઇ પ્રેમચંદ
રા. રા. હરીશીંગ દામોદર
રા. રા. મણીલાલ માધવજી
રા. રા. જીવરાજ ફતેચંદ
રા. રા. ભીખાભાઇ અમુલખ
રા. રા. ચુનીલાલ મયાચંદ.
રા. રા. હેમચંદ કપુરચંદ
રા. રા. વાડીલાલ ખેમચંદ
રા. રા. વાડીલાલ મગનલાલ
રા. રા. ડાહ્યાભાઇ જમનાદાસ
રા. રા. કેવલદાસ પીતામ્બર
રા. રા. ડાહ્યાભાઇ પ્રેમચંદ
રા. રા. નેમચંદ અભેચંદ
રા. રા. ખીમચંદ જેશીંગભાઇ
રા. રા. કાલીદાસ સાંકલચંદ
રા. રા. જેશીંગભાઇ છોટાલાલ
રા. રા. વીરચંદ ગોકળદાસ.
રા. રા. અમૃતલાલ કેશવલાલ
રા. રા. જેશીંગભાઇ કાલીદાસ
રા. રા. ભગુભાઇ નગીનદાસ.
રા. રા. કેવલદાસ મનસુખરામ
રા. રા, ભોગીલાલ ત્રીકમદાસ
રા. રા. દેવચંદ જમનાદાસ
રા. રા. અમથાલાલ રવચંદ
રા. રા. હિરાચંદ જેશીંગભાઇ
રા. રા. સામલભાઇ જુઠાભાઇ
રા. રા. વાડીલાલ મગનલાલ
રા. રા. મગનલાલ બહેચરદાસ
રા. રા. મોહનલાલ લલ્લુભાઇ
રા, રા. રવચંદભાઇ ડાહ્યાભાઇ
રા. રા. નેમચંદભાઇ નગીનદાસ
રા. રા. ડાહ્યાભાઇ ચુનીલાલ
રા. રા. સાંકલચંદ નહાલચંદ.
રા. રા! છોટાલાલ પુંજાશા.
રા. રા. સારાભાઇ ડાહ્યાભાઇ
રા. રા. શકરચંદ મહોકમદાસ
રા. રા. ચીમનલાલ ખકોરદાસ
રા. રા. મોહનલાલ ઉમેદચંદ

રા. રા. લાલભાઇ ભોગીલાલ
રા. રા. વેલચંદભાઇ ઉમેદચંદ
રા. રા. કાલીદાસ ઉમાભાઈ
રા. રા. સોદાગર સકરચંદ
રા. રા. ડાહ્યાભાઈ ભગુભાઈ
રા. રા. અમૃતલાલ જેચંદ
રા. રા. સોમચંદ રતનચંદ
રા. રા. મણીલાલ છગનલાલ
રા. રા. વાડીલાલ સાંકલચંદ
રા. રા. મુલચંદ આશારામ
રા. રા. મોતીચંદ દલપતભાઇ
રા. રા. હરખચંદ રાયચંદ
રા. રા. જોઇતારામ મગનલાલ
રા. રા. શેનાભાઈ હુકમચંદ
રા. રા. ગોકલભાઇ ઉમેદચંદ
રા. રા. ચંદુલાલ ચીમનલાલ
રા. રા. ડાહ્યાભાઇ ચુનીલાલ
રા. રા. મગનલાલ પ્રભુદાસ
રા. રા. જેચંદભાઈ દોલતચંદ
રા. રા. ભોગીલાલ મોલશાહ
રા. રા. ડાહ્યાભાઈ વેલચંદ
રા. રા. છોટાલાલ લલ્લુભાઇ
રા. રા, જેશીંગભાઇ પ્રેમાભાઇ
રા. રા. ચુનીલાલ છગનલાલ
રા. રા. સોમચંદ વીરચંદ
રા. રા. મોહનલાલ ચુનીલાલ
રા. રા. મગનલાલ ઝવેરદાસ
રા. રા. ચુનીલાલ છગનલાલ
રા. રા. નંદલાલ લલ્લુભાઈ
રા. રા. ઝવેરભાઇ ગરબડભાઇ
રા. રા. બાલાભાઈ ગટાભાઈ
રા. રા. મગનલાલ ભીખાભાઈ
રા. રા. ભોળાભાઈ કેશવલાલ

રા. રા. મોહનલાલ કરમચંદ
રા. રા. ઇશ્વરભાઈ કુબેરદાસ
રા. રા. છગનલાલ ઇચ્છાચંદ
રા. રા. સોમાભાઈ રાયચંદ
રા. રા. શેઠ લાલભાઇ દલપતભાઇ
રા. રા. જગાભાઇ દલપતભાઈ
રા. રા. મણીભાઇ દલપતભાઈ
રા. રા. નગરશેઠ ચીમનલાલ લાલભાઈ
બ્હેન સરસ્વતિ
રા. રા. લાલભાઇ કલ્યાણભાઈ
રા. રા. ચીમનલાલ ખેમચંદ
રા. રા. રાયચંદ તારાચંદ
રા. રા. લાલચંદ મગનલાલ
રા. રા. ચત્રુભૂજ જેચંદભાઈ
રા. રા. મંગલભાઇ જમનાદાસ
રા. રા. હિરાચંદ ગહેલાભાઇ
રા. રા. મણીલાલ ઉમેદચંદ
રા. રા. ખેમચંદ બહેચરદાસ
રા. રા. જીવરાજ નારણભાઇ
રા. રા. ફતેચંદ રાયચંદ
રા. રા. ડાહ્યાભાઇ પીતામ્બરદાસ
રા. રા. છોટાલાલ બાપુભાઇ
રા. રા. મણીલાલ કાનજી
રા. રા. મોતીચંદ મંગલજી
રા. રા. દલાભાઇ ભુધરભાઇ
રા. રા. અમૃતલાલ કેવલદાસ
રા. રા. દામોદર ગોવિંદભાઇ
રા. રા. કંકુચંદ ખુશાલદાસ
શ્રી. સયાજીરાવ મહારાજ લાયબ્રેરી
રા. રા. મુલજીભાઈ નથુભાઈ
રા. રા. ધુળાભાઇ લીલાચંદ
રા. રા. રણછોડલાલ છગનલાલ
રા. રા. કેશવલાલ માનચંદ

રા. રા. પોપટલાલ ગુલાબચંદ
રા. રા. શામલભાઈ ગીરધરભાઇ
રા. રા. ગોરધનદાસ જેચંદભાઈ
રા. રા. કેશવલાલ ઉમાભાઈ
રા. રા. ત્રીકમલાલ ફુલચંદ
રા. રા. ડાહ્યાભાઇ ઉમેદચંદ
રા. રા. રતનચંદ લાધાજી
રા. રા. પુંજાભાઈ માનચંદ
રા. રા. ચુનીલાલ રણછોડભાઇ
રા. રા. મોહનલાલ નગીનદાસ
રા. રા. ઉમેદભાઈ પાનાચંદ
રા. રા. બાદરભાઇ માણેકચંદ
રા. રા. ડાહ્યાભાઈ નથુભાઈ
રા. રા. ડાહ્યાભાઇ છોટાલાલ
રા. રા. છગનભાઇ અમથાશા
રા. રા. કેશવલાલ ગોકળદાસ
રા. રા. જમનાદાસ સવચંદ
રા. રા. નહાલચંદ લક્ષ્મિચંદ
રા. રા. નથુભાઈ જેઠાભાઈ
રા. રા. દલસુખભાઈ કરમચંદ
રા. રા. પરસોત્તમ રાયચંદ
રા. રા. પ્રેમચંદ કસ્તુરચંદ
રા. રા. પરસોત્તમ ગહેલાભાઇ
રા. રા. ચતુરલાલ નગીનદાસ
રા. રા. જેઠાભાઈ ગુલાબચંદ
રા. રા. ડાહ્યાભાઇ ચુનીલાલ
રા. રા. ખીમજી ઉકાભાઈ
રા. રા. રામજી હંસરાજ
રા. રા. કુંવરજી આણંદજી
રા. રા. મોરારજી દામોદર
રા. રા. માણેકલાલ મફતલાલ
રા. રા. જેચંદભાઈ ખીમચંદ
રા. રા. મણીલાલ ગહેલાભાઈ

રા. રા. દીપચંદ પાનાચંદ
રા. રા. મોતીચંદ હીરાચંદ
રા. રા. મોહનલાલ મહાસુખરામ
રા. રા. પુરસોત્તમ સાંકલચંદ
રા. રા. ડાહ્યાભાઇ સવચંદ
રા. રા. નાથાલાલ કેવલદાસ
રા. રા. સારાભાઈ હરીભાઇ
રા. રા. વિરચંદભાઈ બહેચરદાસ
રા. રા. ગણેશભાઇ કાલુરામ
રા. રા. લક્ષ્મિચંદ જેઠાભાઇ
રા. રા. જેઠાભાઈ નરોત્તમદાસ
રા. રા. હેમચંદ ભાયચંદ
રા. રા. બાપાલાલ પાનાચંદ
શ્રી. તપાગચ્છ લાયબ્રેરી
રા. રા. જેચંદભાઇ બહેચરદાસ
રા. રા. મીઠાલાલ ઉજમલાલ
શ્રી. જ્ઞાનવર્ધક લાયબ્રેરી
રા. રા. મણીલાલ લલ્લુભાઇ
રા. રા. દલસુખભાઇ નગીનદાસ
રા. રા. ઓધવજી ગીરધરભાઈ
રા. રા. શેઠ. મનસુખભાઇ ભગુભાઇ
રા. રા. મોહનલાલ મગનલાલ
રા. રા. વર્ધમાન સ્વરૂપચંદ
રા. રા. નાથાલાલ લક્ષ્મિચંદ
રા. રા. વેલજી સામજી
રા. રા. ભુરાભાઇ અભેચંદ
રા. રા. ડાહ્યાભાઇ મગનલાલ
રા. રા. મણીભાઇ હીરાભાઇ
રા. રા. બાલાભાઇ દલપતરામ
રા. રા. માનચંદ પીતામ્બર
રા. રા. કાલીદાસ દલસુખભાઇ
રા. રા. કસ્તુરભાઇ મણીભાઈ
રા. રા ચીમનલાલ પુરૂસોત્તમ

રા. રા. વિમળભાઈ મયાભાઇ
રા. રા. મણીલાલ ગોકળદાસ
રા. રા. પોપટલાલ બાપુભાઇ
રા. રા. દોલાભાઈ ગીરધરભાઈ,
રા. રા. નાથાભાઇ બલાખીદાસ
રા. રા. ચુનીલાલ મયાચંદ
રા. રા. હીરજી કાનજી
રા. રા. ચુનીલાલ વખતચંદ
રા. રા. લાલભાઇ હીરાચંદ
રા. રા. મોહનલાલ ખેમચંદ
રા. રા. શાંકલચંદ રતનચંદ
રા. રા. પ્રેમચંદ જેચંદભાઈ
રા. રા. ડાહ્યાભાઈ દલસુખરામ.
રા. રા. પુરસોત્તમ લલ્લુભાઈ
રા. રા. રામસુખ માંગીલાલ
રા. રા. ભોગીલાલ લલ્લુભાઈ
રા. રા. પોપટલાલ મગનલાલ
રા. રા. મોહનલાલ ચીમનલાલ
રા. રા. મણીલાલ કાકાભાઇ
રા. રા. લાલભાઇ ત્રીકમલાલ
રા. રા. રવચંદ નહાનચંદ
રા. રા. ચીમનલાલ ચુનીલાલ
રા. રા. હરીભાઈ કચરાભાઈ
રા. રા. મોહનલાલ મુલચંદભાઇ
રા. રા. ફુલચંદભાઇ બાલાભાઇ
રા. રા. મોહનલાલ મગનલાલ
રા. રા. ભીખાભાઈ દેવચંદ
રા. રા. મગનલાલ ચુનીલાલ
રા. રા. લલ્લુભાઇ જેઠાભાઇ
રા. રા. મગનલાલ લાલચંદ
રા. રા, મણીલાલ મનસુખરામ
રા. રા. જગાભાઈ લલ્લુભાઇ
રા. રા. મોહનલાલ મગનલાલ

રા. રા. વાડીલાલ વખતચંદ
રા, રા. છોટાલાલ હરગોવિંદ
રા. રા. મોતીચંદ ઠાકરશી
રા. રા. પુનમચંદ કરમચંદ
રા. રા. કકલચંદ ગુમાનચંદ
રા. રા. તલકચંદ ભાઇચંદ
રા. રા. હરગોવિંદ કરશનદાસ
રા. રા. બાલુભાઇ લવજીભાઇ
રા. રા. મોહનલાલ અમીચંદ
રા. રા. જીવાભાઇ ચુનીલાલ
રા. રા. મથુરદાસ ત્રીભોવન
રા. રા. કેવલદાસ ત્રીભોવન
રા. રા. કાલીદાસ મોતીભાઇ
રા. રા. સોમચંદ ગુલાબચંદ
રા. રા. મણીલાલ મગનલાલ
રા. રા. હરિચંદ રવચંદ
રા. રા. પુનમચંદ સ્વરૂપચંદ
રા. રા. લલુભાઇ નાથાભાઇ
રા. રા. શંકરલાલ જેચંદભાઇ
રા. રા. નાથાલાલ ખુમચંદ
રા. રા. કચરાદાસ પુરસોત્તમ
રા. રા. પુરસોત્તમ બાખાભાઈ
રા. રા. ગોપાલદાસ છગનલાલ
પન્યાસ શ્રી સિદ્ધિ વિજયજી.
રા. રા. અમૃતલાલ વનમાલીદાસ
રા. રા. ફકીરચંદ ઠાકરલાલ.
રા. રા. ભોગીલાલ પ્રેમચંદ
રા. રા. બાલચંદ ત્રીભોવનદાસ
રા. રા. મોતીલાલ છોટાલાલ
રા, રા. લાલભાઈ દોશાભાઇ
રા. રા. ભીખાભાઇ ઠાકરશી
રા. રા. હરગોવિંદ કેવલદાસ
રા. રા. ખીમચંદ આણંદજી

રા. રા. રતનચંદ ખીમજીભાઈ
રા. રા. કેશવલાલ વાડીલાલ
રા. રા. હરીચંદ એન્ડ કું૦
રા. રા. મેઘજી હીરજી
રા. રા. સવચંદ કચરાભાઈ
રા. રા. ભોગીલાલ હીરાચંદ
રા. રા, નેમચંદ લલ્લુભાઈ
રા. રા. અમરચંદ ગેહલાભાઈ
રા. રા. અમૃતલાલ મોહનલાલ
રા. રા. હેમચંદ ખીમચંદ.
રા. રા. ત્રીભોવનદાસ દલપતભાઈ
શ્રી કચ્છી જૈન મહીલા સમાજ
રા. રા. દેવકરણ એન્ડ કું૦
સૌ. મોહોબાઈ
રા. રા. સારાભાઈ મગનલાલ
રા. રા. દેવકરણ મુલજીભાઈ
રા. રા. કેસવલાલ જગજીવનદાસ
રા. રા. કલ્યાણચંદ સૌભાગ્યચંદ
રા. રા. મુલચંદ જીવણચંદ
રા. રા. ધનજીભાઈ કલ્યાણજી
રા. રા. વસનજી માવજી
રા. રા. મુલચંદ હીરજીભાઈ
રા. રા. પ્રતાપશીંહ પંચાણ
રા. રા. જેહાનન્દ ડાહ્યાભાઈ
રા. રા. નથુભાઈ દોલતચંદ
રા, રા. છોટલાલ દલશુખભાઈ
રા. રા. ખીમચંદ ફુલચંદ
રા. રા. રતનચંદ પ્રેમચંદ
રા. રા. શીવલાલ હરીભાઈ
રા. રા. ચીમનલાલ બાખાભાઈ
રા. રા. દેવચંદ દાકરશી
રા. રા. મોહોકમલાલ વખતચંદ

રા. રા. ચુનીલાલ મોહનલાલ
રા. રા. ભગુભાઇ જેઠાભાઈ
રા. રા. વાડીલાલ તારાચંદ
રા. રા. મનસુખરામ જેશીંગભાઈ
રા. રા. જેશીંગભાઈ ચુનીલાલ
રા. રા. ચીમનલાલ મંગલદાસ
રા. રા. ડાહ્યાભાઇ શાંકલચંદ
રા. રા. ચુનીલાલ પ્રેમચંદ
રા. રા. મુલચંદ હરિલાલ.
રા. રા. મગનલાલ દાકરશી
રા. રા. શાંકલચંદ બહેચરદાસ
રા. રા. છોટાલાલ વખતચંદ
રા. રા. ડાહ્યાભાઈ હિરાચંદ
રા. રા. ચુનીલાલ રવચંદ
રા. રા. ડોશાભાઈ કીશોરદાસ
રા. રા. કેશવલાલ રતનચંદ
રા. રા. ગોવિંદભાઇ ગુલાબચંદ
રા. રા. જોઇતારામ વસ્તારામ
રા. રા. લલ્લુભાઇ ઉમેદચંદ
રા. રા. પ્રભુદાસ જેશીંગભાઇ
રા. રા. ડાહ્યાભાઇ લાલચંદ
રા. રા. અમથાલાલ ફતેચંદ
રા. રા. મગનલાલ કરમચંદ
રા. રા. પુંજાલાલ માનચંદ
રા. રા. કલ્યાણજી કેશવજી
રા. રા. હીરાભાઈ મુલચંદ
રા. રા. મોહનભાઇ હેમચંદ
રા. રા, મણીલાલ શાંકલચંદ
રા, રા. ભાયચંદ નાથાભાઇ
રા. રા. છગનલાલ ઉમેદચંદ
રા. રા. મણીલાલ મનસુખરામ
રા. રા. હીરાચંદ દીપચંદ
રા. રા. મોહનલાલ તારાચંદ

રા. રા. વાડીલાલ સખીદાસ
રા. રા. ચંદુલાલ હઠીશીંગ
રા. રા. પાસુભાઇ ભીમશી
રા. રા. છગનલાલ કપુરચંદ
રા. રા. વાડીલાલ નાથાભાઈ
રા. રા. મણીલાલ ત્રીકમલાલ
રા. રા. બાપુલાલ લાલચંદ
રા. રા. લ્હેરૂભાઈ ડાહ્યાભાઈ
રા. રા. મનસુખભાઇ સુલચંદભાઇ
રા. રા. નગીનદાસ તારાચંદ
રા. રા. રણછોડલાલ છગનલાલ
રા. રા. ચુનીલાલ હરિચંદ
રા. રા. માણેકલાલ છગનલાલ
રા. રા. વ્હાલજીભાઈ ધનજીભાઈ
રા. રા. ઘેલાભાઇ પાનાચંદ
રા. રા. મોહનલાલ હેમચંદ
રા. રા. ભાયચંદ નગીનદાસ

રા. રા. દેવચંદ હેમચંદ
રા. રા. મોહનલાલ લલ્લુભાઈ
રા, રા. બી. મોહન લાલની કું.
રા. રા, શાંકલચંદ ગહેલાભાઈ
રા. રા ચત્રુર્ભૂજ મોતીચંદ
રા. રા. જેચંદભાઈ ભીમચંદ
રા, રા. વંદ્રાવનદાસ કરશનજી
રા. રા. હીરાચંદ કલ્યાણજી.
રા. રા, ઝવેરચંદ ઠાકરસી
રા. રા. મુલચંદ વીરજીભાઈ
રા. રા. કુંદનમલ કપુરચંદ
રા. રા. અમીચંદ મોતીચંદ
રા. રા. મકનજી. જે. મહેતા.
રા. રા. જીવણચંદ લલ્લુભાઇ
રા. રા. પોપટલાલ સવચંદ
રા. રા. અભેચંદ કલ્યાણજી.

બાકીનાં નાંમ હવે પછી

બુદ્ધિપ્રભાનો વધારો.

☞ જ્ઞાન પાંચમી પાસે આવે છે. જ્ઞાન મેળવવા શું ખર્ચશો ? ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો ખરીદો:—☜

# હમણાંજ પ્રેસમાંથી બ્હાર પડેલાં

## શ્રીમદ્ બુદ્ધિસાગરજીના ત્રણ અમુલ્ય ગ્રંથો.

| | |
|---|---|
| ભજનપદ સંગ્રહ ભાગ ૪.<br>અનુભવ પચ્ચીસી.<br>આત્મપ્રદીપ. | દરેકની કી. ૦—૮—૦ |

**ભજનસંગ્રહ ભાગ ૪.** જેઓએ **શ્રીમદ્ બુદ્ધિસાગરજીકૃત ભજનપદ** સંગ્રહનો એકાદ ભાગ અથવા એકાદ ભજન પણ સાંભળ્યું કે વાંચ્યું હશે તેઓ આગળ તો આ ચોથા ભાગની મહત્વતા કહેવાની બીલકુલ જરૂર રહેતિ નથી. તેનું દરેક ભજન અધ્યાત્મરસ અને ભક્તિથી પૂર્ણ છે. નીતિના વિચારો તો સ્થળે સ્થળે છવાયલાજ ભાસે છે. માટે એકદમ તે મંગાવી વાંચી અનુભવ લ્યો. સં. ૧૩૨૭નો ગુર્જ્જર ભાષામાં—રચાએલો સાત ક્ષેત્રનો રાસ છે તે પણ દાખલ કર્યો છે તેથી ગુર્જ્જર ભાષાના શોધકોને તે રાસ અત્યંત ઉપયોગી થશે. તેની ટીપ્પણી કરી છે. ઉપરાંત પરમેષ્ઠી ગીતા, સમુદ્ર વહાણ સંવાદ અને બ્રહ્મગીતા એ ત્રણ યશોવિજય ઉપાધ્યાયકૃત ગ્રંથો તેમાં છે તે પણ બહુ ઉપયોગી છે.

**અનુભવ પચ્ચીસી.**—આ ગ્રન્થ ચાર પાંચ વર્ષ ઉપર લખાયેલો હતો. છતાં, તેમાં પણ આત્મજ્ઞાનની અને અનુભવની ઝલક જુદે જુદે સ્થળે પ્રકટી નીકળે છે. જૈન ધર્મનું સ્વરૂપ દર્શાવવાને બહુ સારો પ્રયત્ન થયેલો છે. ગ્રન્થ વાંચવા જેવો છે.

**આત્મપ્રદીપ.**—ખરેખર આત્માને ઓળખાવનાર પ્રદીપ (દીવા) સમાન છે. મૂળ સંસ્કૃત ગ્રન્થ ટીકા સાથે છપાયેલો છે. તેના ઉપર દેશી. મણિલાલ નથુભાઇ. બી. એ. એ વિવેચન કરેલું છે. વિવેચન પણ પુસ્તક સાથેજ છે. કેળવાયેલાઓને તેમજ આત્મરસિક પુરૂષોને વાંચીને બહુજ મનન કરવા લાયક બોધ આ ગ્રન્થમાં સમાયેલો છે. પ્રદીપને પ્રદીપની જરૂર નથી. પ્રદીપ પોતેજ બીજાને પ્રકાશ આપી શકે છે.

**લી. અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ.**

## ( હરીગીત. )

અસાર આ સંસારમાં જનમ્યા તુમે બહુ દુઃખ ધરી,
નવ માસ ગર્ભાવાસમાં દેખ્યું નથી કાંઈ સુખ જરી;
મળ મૂત્રમાં લપટાઈને ત્હેં ભોગવી અતિ આપદા,
પ્રભુ ભજ્યા વણ દુઃખ પામ્યો મળી નહિ સુખ સંપદા. ૧
નજરે જગત નિહાળતાં સૌ દુઃખ તું વિસરી ગયો,
માયા માંહી મલકાઈને સૌ લોક રીઝવતો રહ્યો;
માબાપ સૌ અતી લાડમાં તુજ યત્નથી ઉછેરતાં,
આપી દુઃખો નિજ અંગને નિરોગી તુજને રાખતાં, ૨
તુજ જીંદગી સુધારવા ખુબ કેળવ્યો ઉત્કર્ષથી,
મ્હોટા થતાં તુજ લગ્ન લીધાં લાવી કન્યા હર્ષથી;
લાયક વયે તું પોહોચતાં ઉપકાર સૌ વિસરી ગયો,
મા બાપને ગાંડાં ગણી જૂદાઈ ને લાવી રહ્યો. ૩
યૂવા અવસ્થા આવતાં તું અર્થ રળવામાં મચ્યો,
બહુ કુડ કપટને કેળવી પ્રપંચ ત્હેં હૃદયે રચ્યો,
જ્યાં ત્યાં દગલ બાજી કરી લક્ષ્મીની સાથે તું વર્યો;
ખાંતે પછી ખાશે સહુ સંસાર ભાર શિરે વહ્યો. ૪
બળ ધન અને યૌવન તણું અભિમાન ત્હેં મનમાં ધર્યું;
નિજ વાડી ગાડી લાડીમાં પ્રભુ નામ કેમ ન ઉચ્ચર્યું,
સંસારની ઉપાધીઓમાં રાત્રી દીવસ તું રહ્યો;
અમૃત કહે પ્રભુ ભજન વણ આ જન્મ સૌ એળે ગયો. ૫

# બોર્ડીંગ પ્રકરણ.

**મદદ**-૧૫૦-૦-૦ શા. મંગળદાસ દોલતરામ. હ. સાંકળચંદ લલુભાઈ
અમદાવાદ.

૧૦૦-૦-૦ સુતાર કાળીદાસ જગજીવનના ટ્રસ્ટી. શા. કેશવલાલ નગીનદાસ બાલાભાઈ મનસુખરામ તથા સુતાર દલપત્ત દામોદર.

૨૫-૦-૦ રા. રા. દાંણીસાહેબ જયનારાયણ ઇંદુમલજી. મુંબાઈવાળા.

૧ **ચોપડીઓ**—શેઠ બ્રધર્સની કુંપની તરફથી વિદ્યાર્થીઓને ચાલતી શાલાના ઉપયોગની ચોપડીઓ નં. ४૬ આવી છે. હ. શેઠ સારાભાઇ ડાહ્યાભાઈ.

૨ રા. રા. ઝવેરી કેશવલાલ ઉમાભાઈ તરફથી વિદ્યાર્થીઓને ઉપયોગી ચોપડીઓ નં. ૮ આવી છે. હ. લાલભાઈ.

૩ શ્રી જૈનશ્રેયસ્કર મંડળ તરફથી જૈન તત્ત્વ પ્રવેશિકા તથા ઉપદેશ માળા પ્રકરણ હ. શેઠ વેણીચંદ સુરચંદ.

૪ શા. મગનલાલ કરમચંદ તરફથી ભજનપદ સંગ્રહ ભા. ૩ ની નકલ ૧૧૫ ) મળી છે. મુ. પાટણ.

૫ શેઠ. લલુભાઈ રાયચંદ તરફથી ધાર્મિક તેમજ વ્યવહારિક વિષયને લગતી ચોપડીઓ નં. ૩ હ. માણેકબા.

**ઇનામ**—રા. રા. ગીરધરલાલ હીરાભાઈ તરફથી પુન્ય પ્રકાશના સ્તવનની ચોપડીઓ ન. ( ૧૧૦ ) વિદ્યાર્થીઓને ઇનામ તરીકે આપવા તથા સમાધી સતક તથા જૈન ઉપદેશ રત્નની લાયબ્રેલીને માટે ચોપડીઓ આપી છે.

**સામાન**—વાસણાના શા. પોપટલાલ વ્હાલચંદ તરફથી કથરોટ નં. ૧ પીતળની તથા થાલી. નં. ૧ પીતળની.

# " શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા "

—વ્યવસ્થાપક—

મુંબઇ-ચંપાગલી.

જ્ઞાનસાથે આનંદ તથા સરલ ભાષામાં તત્ત્વસ્વરૂપ પામવા આ ગ્રન્થમાળા અમુલ્યકામ કરે છે.

નીચેના ગ્રન્થો તૈયાર છે. કેટલાક ગ્રન્થો માત્ર જુજ રહ્યા છે માટે વ્હેલો તે પહેલો જ્ઞાનના પ્રચારાર્થે તદન નજીવી કીંમતે વેચાય છે.

| ग्रन्थांक | प्रकट थएल ग्रन्थो. | | कीं. |
|---|---|---|---|
| नं. १ | अध्यात्म व्याख्यान माळा. | | ०-४-० |
| नं. २ | भजनपद संग्रह | भा० १ लो. | ०-८-० |
| नं. ३ | ,, | भा. २ जो. | ०-८-० |
| नं. ४ | ,, | भा. ३ जो. | ०-८-० |
| नं ५ | ,, | भा. [illegible] | ०-८-० |
| न. ६ | समाधी शतकम्. | | ०-८-० |
| नं ७ | अनुभव पच्चिसि | | ०-८-० |
| नं. ८ | आत्मप्रदीप. | | ०-८-० |
| नं. ९ | परमात्म ज्योति. | | ०-८-० |
| न. १० | परमात्म दर्शन. | | ०-८-० |

ત્રણ માસ માટે ખાસ લાભ.

મજકુર દશે ગ્રન્થો સાથે મંગાવનારને ( ગ્રન્થો સીલીકમાં હશે તો ) એક ગ્રહસ્થ તરફથી આત્મપ્રદીપ ગ્રન્થ તથા એક ગ્રહસ્થ તરફથી અધ્યાત્મ વ્યાખ્યાનમાળા ભેટ આપવામાં આવશે. એટલે મજકુર દશે ગ્રન્થોની કીં. ૪—૧૨—૦ ને બદલે માત્ર રૂ. ૪—૦—૦ માં ( ટપાલ ખર્ચ જુદું ) પડશે. તાકીદે ઓર્ડર મોકલો.

**વ્યવસ્થાપક શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ,**

**ચંપાગલી-મુ. મુંબાઇ.**

**ગ્રન્થ વેચાણના સંગવડ વાલાં મુખ્ય સ્થલો.**

૧, મુંબાઇ, પાયધુણી નં. ૫૬૬ જૈન બુકસેલર. મેઘજી હીરજીની કું. C/o
" માંગરોળ જૈનસભા.
૨, ભાવનગર, શ્રી " આત્માનંદ જૈન સભા.
૩, અમદાવાદ, " બુદ્ધિપ્રભા ઓફીસ ", નાગોરીશરાહ, જૈન બોર્ડીંગ.
૪, પાદરા. વકીલ મોહનલાલ હેમચંદ. જી० વડોદરા.
૫, પુના. શેઠ વીરચંદ કૃષ્ણાજી. વૈતાલપેંઠ.